Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दुलविक्रिडितम्.

पूजामाचरतां जगत्त्रयपतेः संघार्चनं कुर्वताम् ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपा कृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

" જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગત્પતિ જિનેશ્વરની પૂજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જન્મ સફળ છે."

પુસ્તક ૩૧ મું. આશ્વિન. સંવત ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૭ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ અયોગ્ય આચરણ તજવા વિષે. ... ... ... ... ... ૧૯૭
૨ જ્ઞાનસાર સૂત્ર વિવરણમ્. ( સર્વનયાશ્રય અષ્ટકમ્ ૩૨ મું. ) ... ... ... ૧૯૯
૩ સત્પુરૂષોનાં શુભ લક્ષણ... ... ... ... ... ... ૨૦૪
૪ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ... ... ૨૦૬
૫ શ્રી જૈન આગમોદય સમિતિની સ્થાપના. ... ... ... ... ૨૧૩
૬ કીર્ત્તિપાલન. ( અગિયારમું સૌજન્ય. ) ... ... ... ... ૨૧૫
૭ પુરાણી વસ્તુઓની શોધખોળ અને જૈનોની ફરજ. ... ... ... ૨૨૫
૮ ખમત ખામણાના પત્રો. ... ... ... ... ... ૨૩૨

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ તરીકે આપવા માટે નીચે જણાવેલા ગ્રંથો મે મુદત મુકરર કરવામાં આવેલ છે.

૧ શ્રીમ ચરિયમ્. માગધી ગાથાબંધ. રામચંદ્રસૂરિકૃત ચરિત્ર.
આ ગ્રંથમાં કોઈ ગૃહસ્થની મદદ મળી નથી. ફારમ ૫૬. કીં. રૂ. ૨॥

૨ જ્ઞાનપંચમી (જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ). કીં. રૂ. ૦॥

૩ ચૈત્યવંદન ચોવીશી ગુજરાતી. આવૃત્તિ પાંચમી.
કઠણ શબ્દોના અર્થ સાથે પાકી બંધાવેલી. કીં. રૂ. ૦)

૪ ઉપધાનવિધિ. ( શા. આણંદજી પુરૂષોત્તમ તરફથી ભેટ ).

૫ આનંદઘન પદ્ય રત્નાવળી ( ૫૦ પદો વિવેચન યુક્ત ).
ઘણા વિસ્તારથી–ઉપયોગી હકીકતોનો સંગ્રહ. પૃષ્ઠ ૮૧૨. કીં. રૂ. ૨)

૬ જૈન દૃષ્ટિએ યોગ ( યોગ સંબંધી સરલ સમજણ ) પૃષ્ઠ ૨૧૦. કીં. રૂ. ૦॥

૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. સ્થંભ ૬ મૂળ. સંસ્કૃત. કીં. રૂ. ૧॥

૮ શ્રી ઉપદેશમાળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. માગધી ને સંસ્કૃત. કીં. રૂ. ૦॥

૯ શ્રી જંબુદ્વીપ સંગ્રહણી પ્રકરણ. ટીકા સહીત. સંસ્કૃત. કીં. રૂ. ૦।

ઉપર જણાવેલ ૯ ગ્રંથો પૈકી પ્રથમ ગ્રંથ રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી અને બુક ૫–૬ એક બુકનાજ બે વિભાગ હોવાથી એકંદર કિંમતમાંથી રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી આપવામાં આવશે. પરંતુ જે લાઇફ મેમ્બર મોકલવાનું લખશે તેનેજ તે મોકલવામાં આવશે. બાકીના ૬ પુસ્તકો પત્રની રાહ જોયા બાદ પોસ્ટેજ પુરતા વેલ્યુ૦ થી તરતમાંજ મોકલવામાં આવશે. તંત્રી

## એક ખુલાસો.

અમારી સભાના હાલમાં બહાર પડેલા ત્રિવાર્ષિક રિપોર્ટના પૃષ્ઠ ૨૪ મે શ્રી. નાનાલાલ મગનલાલને સભા તરફથી માનપત્ર આપવાનો ઠરાવ થયા સંબંધે લખ્યું છે. તે બાબત તેમણે સભાનો અત્યંત આગ્રહ છતાં માનપત્ર લેવાની નાપાડી છે તેથી તે કાર્ય મુલતવી રાખવુ પડ્યું છે. જો કે સભા હજુ પણ તેવી ઇચ્છા ધરાવે છે.

## નવા મેમ્બરોનાં નામ.

| | | |
|---|---|---|
| ઝવેરી મનસુખલાલ દોલતચંદ | પાટણ. | લાઇફ મેમ્બર. |
| શા. જમનાદાસ ડુંગરશી | ભાવનગર. | ,, |
| શા. ચુનીલાલ છગનચંદ | સુરત. | પહેલા વર્ગના મેમ્બર |
| કાંમદાર પુરૂષોત્તમ વીરચંદ | વળાળા. | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या जद्रकजव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां जगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तडुपदेशेनावाप्तशुजवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यजावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेच्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तडुपार्जनोपायं महायत्नेन । उपमितिजवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિના વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને (માતપિતાદિકને) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો (બંને પ્રકારનો) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે-અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૧ મું. આશ્વિન. સંવત ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૭ મો.

# અયોગ્ય આચરણ તજવા વિષે.

(હરિગીત છંદ.)

ઉચ્ચારવા ઉદ્ગાર એવા પ્યાર વાધે સર્વને,
દુર્વાક્ય વદવા પ્રેરણા કરતા તજો સહુ ગર્વને;
હિણતા લગાડે કુળમાં તે કાર્ય કાંઇ નહિ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૧
ઠગ સોબતે રહી સજ્જને પડવું ઉચિત નહિ વાદમાં,
દિન દોહિલા ગુમાવવા તેથી ભલા રહી રાનમાં;
પરનારી વેશ્યાધીનના પુરૂષાતનો શા કામના?
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૨
સજ્જન સુજ્ઞાની સંગતે સદ્ગુણ મેળવીએ સદા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુસોબતે ઢંગ ધૂર્તના ધરવા નહિ ધારો કદા;
લાયક ગણે નહિ લોક તે જીવ્યા કહો શું કામના?
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૩
નારી તણું મન નાથ ગમતો નાથને મન કામની,
જોડી બરાબર જ્યાં મળેલી સ્થિતિ ત્યાં વિશ્રામની;
વિક્રય વધેલા દેશમાં બેહાલ ઝાઝા ભાગના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૪
કદિ કુશળક્ષેમ અને કદિ પડતી દશા નિહાળતા,
સંભાળવી દઢ નિશ્ચયે શુભ અશુભ કર્મ નિરશાળતા;
રતિ અરતિવશ છંડે ફરજ તે શત્રુ આતમરામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૫
બહુ કુટુંબનું દારિદ્રતાવશ દ્રવ્ય દિલ હરવા ચહે,
ઉત્કૃષ્ટતા હેતુ સજ્જનની દેખતાં અંતર દહે;
તેવા જનો આ સૃષ્ટિમાં ગણ ભારભૂત તમામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૬
અણબનતીમાં વસવું નહિ સંતાપ પૂરણ પામીએ,
દુર્ધ્યાનમાં ટકવું ભલું નહિ જઈ વિદેશ વિરામીએ;
વધતો કુટુંબ કલેશ ત્યાં સાંસાં પડે શુભ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૭
બળવાનથી બથ ભીડતા આવક વિના ધન ખરચતા,
સાહસ કરી અતિહીણ જન આખર જુઓ ખાયે ખતા;
દુર્લભ ગુણો પંકાય તે જગમાંય જીવ્યા કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા. (વળા.)

સંસાર અસાર એહ દીસત પ્રભાત જેહ,
સાંજ સમે નાંહી તેહ કાંહી પડ્યો ભર્મરે;
મેરો મેરો કાંહી કરે સગો નાંહી કોઈ તેરે,
જીવહી એકીલો ફિરે ભુંજે નિજ કર્મરે;
સંસાર સાગર ખાર ભર્યો જીવ ડાર ડાર,
કોઉ હોત એક ડોર કહુ નાંહી શર્મરે;
ભણે મુનિ બાળચંદ સુણુ હો ભવિકવૃંદ,
સંસાર અસાર તામેં સાર એક ધર્મરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसार सूत्र वीवरणम्.

## ॥ सर्वनयाश्रय अष्टकम्. ॥ ३२ ॥

પૂર્વોક્ત સઘળાં વિશેષણો 'સ્યાદ્વાદ' નો આશ્રય કરનારમાંજ સાર્થકપણે ઘટી શકે છે, બીજામાં ઘટી શકતાં નથી. અને **સર્વ નયવચનોને સાપેક્ષપણે** સ્વીકાર કરવો તે "**સ્યાદ્વાદ**" કહ્યો છે; તેથી પ્રસંગાગત સર્વનયાશ્રિતતાને શાસ્ત્રકાર વખાણે છેઃ—

**धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ॥**
**चारित्रगुणलीनः स्या–दिति सर्वनयाश्रितः ॥ १ ॥**

**ભાવાર્થ**—અનંત ધર્માત્મક વસ્તુના બીજા બધા ધર્મની સામન્યતઃ ઉપેક્ષા કરી તે તરફ ઉદાસીનતા ધારી મુખ્યપણે અમુક એક અથવા વધારે ધર્મને સ્થાપવાની પ્રવણ પદ્ધતિને શાસ્ત્રકાર **નય** કહે છે. તેવા નય અનંતા હોવા ઘટે છે, તોપણ અત્ર સ્થૂલતાથી સાત નયનુંજ કથન કર્યું છે, તેમાં શેષ સર્વનયનો સમાવેશ થઈ જાય છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ અને એવંભૂત–એ સાતે નયનાં નામ છે. તેનું વિશેષ વ્યાખ્યાન બીજા ગ્રંથોથી[1] જાણવા યોગ્ય છે. અત્ર તો ફક્ત સામાન્યતઃ (સમુચ્ચયથી) નયનું સ્વરૂપ કહેલું છે. સર્વે નયો ઉતાવળા છતાં સ્વવસ્તુ–ધર્મમાં વિશ્રામ કરનારા છે, અર્થાત્ સ્વવસ્તુધર્મને તજી તે બહાર જતા નથી; એમ સમજી ચારિત્રગુણમાં લીન સાધુ સર્વ નયનો આશ્રય કરે છે. સર્વ નયનો અભિપ્રાય સાથે મળતાંજ સંપૂર્ણ વસ્તુ–અનંત ધર્માત્મક સમન્વય છે, બીજી રીતે બોલીએ તો સર્વ નયનો (એકી ભાવે–સમભાવે) આશ્રય કરનારજ ચારિત્ર ગુણમાં લીન હોઈ શકે છે, પણ બીજા[2] નહિ. १

**पृथङ्नया मिथः पक्ष–प्रतिपक्षकदर्थिताः ॥**
**समवृत्ति सुखास्वादी, ज्ञानी सर्वनयाश्रितः ॥ २ ॥**

**ભાવાર્થ**—જૂદા જૂદા નયો પરસ્પર પક્ષ[3] અને પ્રતિપક્ષથી[4] કદર્થિત થાયછે. અર્થાત્ એકેક જૂદા જૂદા નયનેજ અવલંબનારની માંહોમાંહે સ્વપક્ષ સ્થાપન અને પરપક્ષ ઉત્થાપનથકી કદર્થના થયા કરે છે. પણ સર્વ નયને સરખી રીતે માનનાર–આદરનાર તો સમતા સુખનોજ આસ્વાદ કરે છે. તાત્પર્ય એવો નીકળે

૧ નયકર્ણિકા, નયચક્રાદિક મૂળ અને તેના બાલાવબોધ પ્રમુખ (જુઓ જૈન તત્વ પ્રવેશિકા) ૨ એક બીજા નયનાજ પક્ષમાં પડી જનાર હોવાથી પક્ષપાતી. ૩ સ્વપક્ષ મંડન ૪ પરપક્ષ ખંડન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે સમતારસ (શાન્તરસ) ના અર્થી જનોએ તો સર્વ નયનો પક્ષપાત રહિતજ આશ્રય કરવો યોગ્ય છે. અર્થાત્ તેમણે નિરપેક્ષપણે કોઈ નયનું ખંડન મંડન કરવા પ્રવર્ત્તવું નહિ. ૨

नाप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितं ॥
विशेषितं प्रमाणं स्या–दिति सर्वनयज्ञता ॥ ३ ॥

ભાવાર્થ—સ્યાત્પદ વગરની સર્વનય વચન પદ્ધત્તિ અપ્રમાણ પણ નથી તેમ પ્રમાણ પણ નથી. તેની તેજ વાત સ્યાત્ પદથી વિશેષિત થાય તો તે પ્રમાભૂત થાય છે. જેમકે વસ્તુ નિત્ય છે, એ કથન સામાન્ય (અવિશેષિત) હોવાથી અપ્રમાણ નથી તેમ પ્રમાણ પણ નથી. પણ 'સ્યાત્ નિત્યં' એ કથન વિશેષિત હોવાથી પ્રમાણરૂપ છે. તેમજ 'સ્યાત્ અનિત્યં' એવું કથન પણ પ્રમાણભૂત છે. કેમકે દરેક વસ્તુ દ્રવ્યપણે નિત્ય છે તેમજ પર્યાયપણે અનિત્ય પણ છે, જેમ આત્મા દ્રવ્યપણે નિત્ય છે અને મનુષ્યાદિ પર્યાયપણે અનિત્ય છે; એમ પ્રત્યેક વસ્તુ કથંચિત્ નિત્યાનિત્ય હોઈ શકે છે. એ પ્રમાણે સર્વ નયનું રહસ્ય સમજવાનું છે. તાત્પર્ય કે એકલો–નિરપેક્ષ (સ્વતંત્ર) નય પ્રમાણ પણ નથી તેમ અપ્રમાણ પણ નથી. પણ બીજા નયની અપેક્ષાવાળો–સાપેક્ષ નયજ પ્રમાણભૂત થાય છે અને બીજા નયોનો–નય વચનોનો તદ્દન અનાદર[1] કરનાર 'નય' નયાભાસ[2] હોવાથી અપ્રમાણ છે, માટેજ સર્વનયાશ્રિતતા[3] શ્રેષ્ઠ છે. ૩

लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाप्यनुग्रहः ॥
स्यात्पृथङ्नयमूढानां, स्मयार्तिर्वातिविग्रहः ॥ ४ ॥

ભાવાર્થ–સર્વ નયજ્ઞ મહાશય પોતે સાપેક્ષદૃષ્ટિ હોવાથી તટસ્થ રહી શકે છે, અથવા અન્યજનોનું સમાધાન કરી શકવાથી ઉપકારક બની શકે છે. પણ પૃથક્–એકાંત–નિરપેક્ષ નયમાં આગ્રહવંતને તો અહંકારજન્ય પીડા અથવા ભારે કલેશજ પેદા થાય છે, કેમકે તેવા કદાગ્રહીને સ્વપક્ષનું મંડન કરવાનો અને પરપક્ષનું ખંડન કરવાનો સહજ ગર્વ આવે છે અને તેમ કરવા જતાં સહેજે કલેશ વધે છે. એવું કિલષ્ટ પરિણામ સાપેક્ષદૃષ્ટિવાળા સર્વ નયજ્ઞને કદાપિ આવવાનો સંભવ નથી. સ્વપરહિત પણ એમજ સાધી શકાય છે, માટે સર્વ નયજ્ઞતાજ શ્રેષ્ઠ છે. ૪

श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ॥
शुष्क वादाद्विवादाच्च, परेषां तु विपर्ययः ॥ ५ ॥

૧ નિષેધ. ૨ દ્રષ્ટાંત–વસ્તુ નિત્યમેવ (નિત્યજ છે–અનિત્ય નથીજ.) ૩ સર્વ નયોને સાથે અવલંબવાપણું. (સાપેક્ષપણે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—સર્વ નયજ્ઞનેજ ધર્મચર્ચાથી ઘણો લાભ લઈ શકે છે. બાકી બીજાને તો શુષ્કવાદ કે વિવાદથી લાભને બદલે ઉલટો તોટો (ગેરલાભ) જ થાયછે. ૫

**प्रकाशितं जनानां यै-र्मतं सर्वनयाश्रितम् ॥**
**चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥ ६ ॥**

ભાવાર્થ-જેમણે સર્વ નયાશ્રિત ધર્મ પ્રકાશ્યોછે અને તે જેમને અંતરમાં પરિણમ્યો છે તેમને અમારા વારંવાર પ્રણામ છે. **સત્ય-સાપેક્ષ** કથક અને અવધારક એ ઉભયની બલિહારી છે. ૬

**निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ॥**
**एकपाक्षिकविश्लेषा-मारूढाः शुद्धभूमिकां ॥ ७ ॥**
**अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ॥**
**जयंति परमानंद-मयाः सर्वनयाश्रयाः ॥ ८ ॥**

ભાવાર્થ—નિશ્ચય અને વ્યવહાર તેમજ જ્ઞાન અને ક્રિયામાં એકાન્ત પક્ષ તજીને જેમણે સ્યાદ્વાદનો સ્વીકાર કર્યો છે એવા તત્ત્વદષ્ટિ, પક્ષપાત વર્જિત, અને સર્વ નયનો આશ્રય કરનારા પરમાનંદી પુરૂષોજ જગતમાં જયવંતા વર્તે છે. એકાંત પક્ષજ સર્વ કદાગ્રહ અને દુઃખનું મૂળ છે. એમ સમજીને સર્વ નયાશ્રિત સત્પુરૂષો એકાન્ત પક્ષ નહિ ખેંચતાં સર્વત્ર જ્ઞાન અને ક્રિયા, ઉત્સર્ગ અને અપવાદ, તથા નિશ્ચય અને વ્યવહારનો સમપણે સ્વીકાર કરે છે. ૭-૮ મુ. ક. વિ.

**વિવેચન**-આ અષ્ટકનો વિષય અતિ ગંભીર હોવાથીજ ગ્રંથકારે તેને છેલ્લું કથન કર્યું જણાય છે. જે વિદ્વાને નય સંબંધી અનેક ગ્રંથો નયકર્ણિકા, નયોપદેશ, નયરહસ્ય, નયામૃતતરંગિણી ( ટીકા ). નયપ્રદીપ, નયચક્ર વિગેરે સાદ્યંત વાંચ્યા વિચાર્યા હોય તેજ આ અષ્ટકનું સારી રીતે વિવેચન કરી શકે તેમ છે. અર્થ લખતાં તેના લેખક મહાશયે સારી સ્ફુટતા કરી છે. આ અષ્ટકની ટીકા કરતાં પંન્યાસજી શ્રીગંભીરવિજયજી મહારાજે પણ વિશેષ સ્ફુટતા કરેલી છે. અમારો તે વિષયમાં અતિ અલ્પ પ્રવેશ હોવાથી મૂળ વિષય સંબંધે તો વધારે લખી શકાય તેમ નથી તોપણ યથામતિ કાંઇક પ્રાસંગિક સ્ફુટતા કરી છે.

પ્રથમ શ્લોકમાં કર્ત્તા કહે છે કે-એકેક નયનો આશ્રય કરનારા મિથ્યાવાદીઓ જો કે આઘું પાછું જોયા વિના દોડયાજ જાય છે, તોપણ તેઓ પોતપોતાના ભાવમાં વિશ્રામ લે છે; પરંતુ સમ્યક્ ચારિત્રને વિષે લીન એવા મહાત્માઓ તો સર્વનય સંમત માર્ગ યા સ્થાનને વિષેજ આશ્રય કરે છે. તેઓ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાજુ કોઈ વાતમાં આશ્રય લેતાજ નથી. એકેક નયવાદીને હોડતા એ અપેક્ષાએ કહ્યા છે કે જો તેઓ આંખ મીંચીને હોડતા ન હોત અને આજુબાજુ જોતા હોત તો તેમને પણ કોઈ વસ્તુ એકાંત નિત્ય કે એકાંત અનિત્ય કહેતાં વિચાર આવત કે આપણે જીવને એકાંત નિત્ય કહીએ છીએ પણ તેના કર્મ પ્રેરણાવડે નરતિર્યંચાદિ અનેક પર્યાયો તો પ્રત્યક્ષ પલટાતા દેખાય છે, તેથી આપણું એકાંત નિત્ય કહેવાપણું મિથ્યા છે. જો કે તે નિત્ય છે તે વાત સાચી છે, દ્રવ્ય સત્તાએ નિત્યજ છે, પરંતુ એટલી અપેક્ષા સમજવી–વિચારવી જોઈએ તે ન વિચારતાં હોડયાજ જાય છે તેથી તેને હોડતા કહ્યા છે. ૧

વળી એ દરેક નયો એક બીજાના પક્ષનું ખંડન કરવાવડે નિરંતર કદર્થના પામ્યા કરે છે; તેને નિવૃત્તિ રહેતીજ નથી, કારણકે તેમનો પક્ષ એકાંત હોવાથી તેમાં આગ્રહનો–દુરાગ્રહનો સદ્ભાવ વિશેષ હોય છે; પરંતુ જેઓ સર્વનયાશ્રિત છે તેઓ સમવૃત્તિવાળા હોય છે અને તજ્જન્ય સુખનો આસ્વાદ કરે છે. તેમને કોઈ પક્ષનું ખંડન કરવું પડતું નથી. તેઓ તો દરેક નયવાદીને કહે છે કે–અમુક અપેક્ષાએ તું પણ સાચો છે; પરંતુ તારો આગ્રહ છે કે 'હું કહું છું તે પ્રમાણેજ છે; અન્ય પ્રકારે નથી' એમાંજ મિથ્યાપણું છે. માટે તેટલું છોડી દે. આ હિતશિક્ષા એકાંતવાદીને રૂચતી નથી. ૨

કોઈ પણ નયનો વાદ પ્રમાણ નથી તેમ અપ્રમાણ પણ નથી. ફક્ત તેમાં સ્યાત્ શબ્દ જોડે તો તે સર્વ પ્રમાણ છે. આમ કહેવાવડે કર્ત્તાએ જૈનમાર્ગનું નિષ્પક્ષપાતીપણું સૂચવ્યું છે. દરેક નયના વાદમાં અમુક અંશ સત્યનો હોવાથી તેને એકાંતવાદીઓની પેઠે પ્રમાણ કે અપ્રમાણ કેમ કહી શકાય? બાકી તેને પ્રમાણ ગણાવા માટે બહુ સહેલો માર્ગ બતાવ્યો છે કે–તમે આગ્રહ છોડી **સ્યાત્** શબ્દ જોડી દો. એટલે તેની અંદર સર્વ નયસંમતપણું દાખલ થઈ જશે અને તમે પ્રમાણ ગણાશો. ૩

સર્વનયજ્ઞને કેટલું સુખ છે, કેટલું નિરૂપાધીપણું છે, તે કર્ત્તા ચોથા શ્લોકમાં કહે છે. તેનો સર્વનયસંમત પક્ષ હોવાથી તેને અભિમાન કે કલેશ કરવાના કારણ માત્ર નાશ પામેલા હોય છે. એકનયવાદીને પોતપોતાના પક્ષનું અભિમાન અને અન્યનું ખંડન કરવા જતાં થતો કલેશ એ બંનેના ભાજન થવું પડે છે. આ કાંઈ થોડું દુઃખ નથી, પરંતુ સ્વમતાગ્રહને વશ પ્રાણીને તે જણાતું નથી. ૪

સર્વનયવાદીને માત્ર ધર્મવાદજ હોવાથી નિરંતર શ્રેય છે, અશ્રેયનો અંશ પણ નથી; બીજા એકનયવાદીઓને તેનો શુષ્ક વાદવિવાદ હોવાથી તેથી વિપર્યયપણું છે, એટલે નિરંતર અશ્રેયજ છે, શ્રેયનો અંશપણ નથી. આ હકીકત બહુ બારીક દ્રષ્ટિથી વિચારવા યોગ્ય છે, પરંતુ દ્રષ્ટિ સુધર્યા વિના તે વિચારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય તેમ નથી. જ્યાં એકાંત છે ત્યાં અસદાગ્રહ છે, અસદાગ્રહ છે ત્યાં મિથ્યાત્વ છે, જ્યાંસુધી મિથ્યાત્વ છે ત્યાંસુધી તેની શુભ કરણી પણ તથાવિધ ફળ આપી શકતી નથી. આ પ્રમાણે વિચારતાં આ શ્લોકમાં કહેલો ભાવ બરાબર બંધ બેસે તેમ છે. ૫

આવો સર્વ નયાશ્રિતમત જે મહાભાગ્ય પુરૂષ યથાર્થ સમજ્યા છે, સમજીને તે જેમને યથાતથ્ય રૂચ્યો છે, રૂચ્યાબાદ જેમણે અનેક ભવ્ય જીવો પાસે તે પ્રકાશિત કર્યો છે, અને પ્રકાશિત કરીને અનેક ભવ્ય જીવોના હૃદયમાં તેને સ્થાપિત કરી દીધો છે, એવા મહાત્માઓને મારો વારંવાર નમસ્કાર છે. એવા મહાત્માઓજ નમસ્કરણીય છે. તેને કાંઇ જગતના જીવોના નમસ્કારની અપેક્ષા હોતી નથી. તેઓ મેળવવાનું તો સર્વ મેળવી ચુકેલાજ છે. ભવ્ય જીવો તેવા પ્રકારના ગુણના ભાજન થવાની ઇચ્છાથી તેવા સ્યાદ્વાદરસીક મહાત્માઓને નમસ્કાર કરી–તેમનું ભક્તિ બહુમાન કરી પોતાના આત્માને તદ્ગુણવાસિત કરે છે. ૬

સર્વ નયોનો આશ્રય કરનારા મહાત્માઓ નિશ્ચયમાં ખેંચાતા નથી કે વ્યવહારને તજી દેતા નથી, જ્ઞાનને સર્વોત્કૃષ્ટ માની સ્વીકારે છે પણ ક્રિયાનો અનાદર કરતા નથી. ઉત્સર્ગને આદરે છે પણ અપવાદને ભૂલી જતા નથી, ભાવમાં તત્પર રહે છે પણ દ્રવ્યનું નિમિત્તપણું યાદ રાખે છે. એક બીજાને સાપેક્ષપણે અહર્નિશ વર્ત્યા કરે છે. ઉપદેશ પણ તેવી રીતેજ આપે છે, શાસ્ત્ર પણ તેવી પ્રનાલિકા જાળવીનેજ ગુંથે છે, કોઇ પણ જીવને પોતાનું નિમિત્ત પામીને એકાંતમાં ખેંચાઇ જવા દેતા નથી. વ્યવહારનો કે નિશ્ચયનો, જ્ઞાનનો કે ક્રિયાનો, ઉત્સર્ગનો કે અપવાદનો, દ્રવ્યનો કે ભાવનો પોતે આગ્રહ ધરાવતા નથી અને બીજાને આગ્રહ કરવા દેતા નથી. યથાયોગ્ય અવસરે બંનેને આદરે છે અને બંનેને પ્રરૂપે છે. તેમની વાણીમાં એકાંતપક્ષ હોતોજ નથી. બાકી દીર્ઘ સંસારી જીવો પોતાના બહુળ સંસારીપણાને લઇને તેમની વાણીના રહસ્યને પૂર્વાપર દૃષ્ટિ કર્યા સિવાય એક બાજુ ખેંચી જાય છે અને પોતે મિથ્યાત્વને પુષ્ટ કરી પોતાના અનુયાયીઓને પણ ભવકુપમાં પાડે છે. એવા જીવો મહાત્મા પુરૂષોના વચનોનું ખરૂં રહસ્યજ સમજી શકતા નથી, અને કથંચિત્ સમજે છે તો પોતાના દુરાગ્રહીપણાને લીધે પોતાનું કહેલું અથવા પોતાનું આચરેલું સત્ય ઠરાવવા માટે અર્થનો અનર્થ કરે છે. પરમાત્મા એવા ઉપદેશકોથી આપણને બચાવો.

ઉપર જણાવ્યા પ્રમાણેના સર્વ નયાશ્રિત મહાત્માઓ તો અમૂઢ લક્ષ્યવાળા અને પરમાનંદમય હોય છે, શુદ્ધ ભૂમિકાએ આરૂઢ થયેલા હોય છે તેમજ સર્વત્ર પક્ષપાત રહિત હોય છે. કર્ત્તા કહે છે કે એવા મહાપુરૂષો નિરંતર જયવંતા વર્તો. ૭–૮

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્પુરૂષોનાં શુભ લક્ષણ.

( ઉત્તમ માનવોનાં રૂડાં લક્ષણ. )

" જે નિત્યે ગુણવૃંદ લે પરતણા દોષો ન જે દાખવે,
જે વિશ્વે ઉપકારીને ઉપકરે વાણી સુધા જે લવે;
પૂરા પુનમચંદ્ર જેમ સુગુણા જે ધીર મેરૂ સમા,
ઉંડા જે ગંભીર સાયર જિસા તે માનવા ઉત્તમા."

ભાવાર્થ—જે ગુણાનુરાગી થઇ પરના ગુણ ગ્રહણ કરે છે, અને દોષની ઉપેક્ષા કરે છે; જે કૃતજ્ઞ હોઈ ઉપકારીનો ઉપકાર કરવા ભૂલતા નથી, અને અમૃત જેવી મીઠી વાણી વદે છે; જે પૂર્ણિમાના ચંદ્ર જેવા પૂર્ણ શીતળ સદ્ગુણી હોય છે, મેરૂ પર્વત જેવા ધીર–નિશ્ચય વૃત્તિના હોય છે; અને સાગર જેવા ગંભીર પેટના હોય છે તે મનુષ્યો ઉત્તમ પંક્તિના સમજવા. વળી રૂપ સૌભાગ્ય સંપન્ન સત્ત્વબળ–પરાક્રમાદિ ગુણે કરી શોભિત, એવા રામચંદ્ર જેવા ધીર-વીર પુરૂષો જગતમાં વિરલાજ હોય છે.

## ઉત્તમ કુળવંતી સ્રીનાં શુભ લક્ષણ.

" સુશીખ આપે પ્રિય ચિત્ત ચાલે, જે શીળ પાળે ગૃહ ચિંત ટાળે;
દાનાદિ જેણે ગૃહિધર્મ હોઈ, તે ગેહિ નિત્યે ઘર લચ્છિ સોઈ."

ભાવાર્થ—જે પોતાના પ્રિય પતિને યોગ્ય પ્રસંગે રૂડી સમજ-દીલસોજી આપી તેનું મન વાળે છે, સ્વપતિસંતોષિણી હોઇ જે સુશીળ પાળે છે અને ગૃહની ચિન્તા ટાળે છે, અને ગૃહસ્થધર્મ યોગ્ય દાનાદિકમાં પ્રવૃત્તિ કરે છે, તે ચતુર અને ભાગ્યશાળી સ્રી ઘરમાં સાક્ષાત્ લક્ષ્મીરૂપ સમજવી.

## સુપુત્રનાં શુભ લક્ષણ અને પોતાનાં માબાપ પ્રત્યે પુત્રનો અંતરંગ પ્રેમ.

" માત તાત પદ પંકજ સેવા, જે કરે તસ સુપુત્ર કહેવા;
જેહ કીર્તિ કુળ લાજ વધારે, સૂર્ય જેમ જગ તે જશ ધારે.
ગંગાસુતે[1] વિશ્વમાં કીર્તિ રોપી, આજ્ઞા જિણે તાત કેરી ન લોપી;
તે ધન્ય જે અંજનાપુત્ર[2] જેવા, જેણે કીધી જાનકીનાથ[3] સેવા."

ભાવાર્થ—જે માબાપની ચરણ સેવા સદાય કરે, જે કુળની કીર્તિ અનેલાજ વધારે અને સૂર્યની જેમ જગતમાં જેનો યશ પ્રસરે તેમને સુપુત્ર સમજવા. પોતાના પિતા શાંતનુની આજ્ઞા પાળી ગંગાપુત્રે સ્વકીર્તિ સર્વત્ર વિસ્તારી દીધી તેમને અને જેણે રામચંદ્રજીની સેવા કરી એવા અંજના પુત્ર–હનુમાન જેવા સુપુત્રોને ધન્ય છે.

---

૧ ભીષ્મપિતામહ. ૨ હનુમાન. ૩ રામચંદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સુપુત્ર માતાનો બોલ કદાપિ ન લોપે તેનો પુન્ય-પ્રતાપ સર્વત્ર સૂર્યની પેરે તપે છે. ગમે તે દર્શનમાં બારીકીથી જોતાં માતાની સેવા-ભક્તિ કરવા સરખી રીતે વર્ણન છે. શ્રીમહાવીર દેવે માતાનાજ ગર્ભમાં હતા ત્યારે નિયમ લીધો હતો કે 'માતપિતા જીવતાં છતાં મારે દીક્ષા ગ્રહણ ન કરવી.' અને એજ રીતે માતપિતા દેવગત થયા પછીજ પ્રભુએ દીક્ષા લીધી હતી. તેમજ વળી અરણિક મુનિએ ચારિત્રમાં શિથિળ પરિણામ થયા છતાં પોતાની ભદ્રા-માતા (સાધ્વી) ના ઉપદેશ વચનથી પ્રતિબોધ પામી ધગધગતી શીલા ઉપર અનશન કરીને આત્મકલ્યાણ સાધ્યું. માતા પોતાના પ્રિય પુત્રોનું કેટલું ઉંડું હિત ઇચ્છે છે અને કરે છે અને એવી પવિત્ર માતાની આજ્ઞાને અનુસરી ચાલનારા સુપુત્રો કેવું સ્વહિત કરી શકે છે તે ઉપરનાં દૃષ્ટાંત વિચારતાં સ્પષ્ટ થઇ શકશે. સહુએ પોતાનાં માતપિતા ઉપર અંતરંગ પ્રેમ રાખવો જોઇએ. એ વાતનો ઉંડો બોધ આપવા ઉપરનાં બે દૃષ્ટાંત પણ પૂરતાં જણાય છે. જે બાળભાવે પુત્રને લાડ કરી રમાડે છે, તેનું ભવિષ્ય સુધારવા વિદ્યાભ્યાસ કરાવે છે અને તેનાં અનુકૂળ ખાન-પાન માટે પૂરતી કાળજી રાખે છે તે માતપિતાનો બદલો શી રીતે વાળી શકાય ? જો કે માતપિતાના અતુલ ઉપકારનો બદલો બીજી કોઇ રીતે વાળવો તો અશકયજ છે, પણ સુપુત્રોએ સ્વહૃદયમાં તેમના પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ ધારણ કરી તેમણે કહેલાં હિતવચનનો કદાપિ પણ અનાદર નહિ કરતાં પૂર્ણ શ્રદ્ધાથી તેનો આદર કરવો એ કાયમ સ્મરણમાં રાખી લેવા લાયક છે. બાકી જો કોઇ દૈવયોગે સ્વમાત-પિતા સ્વધર્મથી પતિત થઇ ગયાં હોય અથવા સતધર્મથી અદ્યાપિ બેનશીબજ રહ્યાં હોય તો સુપુત્રોની એ એક ભારે પવિત્ર ફરજ છે કે તેણે તેમને ઉચિત વિનય-નમ્રતા સાચવીને સતધર્મનું સારી રીતે ભાન કરાવી, તેમાં શ્રદ્ધા-પ્રતીતિ ઉપજાવી, જેમ તેઓ સતધર્મમાં જોડાય તેમ કરવા પૂરતી કાળજી રાખવી. એ રીતે સતધર્મની પ્રાપ્તિ થવાથી માબાપની સદ્ગતિ થાય છે. માબાપના ઉપ-કારનો બદલો વાળવાનો આના કરતાં બીજો કોઇ ઉત્તમ માર્ગ નથી એમ સમજી સુજ્ઞ સુપુત્રોએ સ્વપરહિતની મળેલી તક જરૂર સાધી લેવી. **ઇતિશમ્.**

**સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પૃષ્ટ ૧૧૯ થી. )

## પ્રકરણ ૨૧ મું.

પાંજરામાં રહેલ કુર્કટ ને પ્રેમલાલચ્છીની દૃષ્ટોદૃષ્ટ મળ્યા પછી તેઓ પોતાની નજર ફેરવી શકયા નહિ. નટોએ અનેક પ્રકારનાં આખ્યાનો રાજાની પાસે ગાઇ સંભળાવ્યાં. રાજા પ્રસન્ન થયો. તેની નજર પણ પાંજરા તરફ જતાં તેને કુર્કટ ઉપર પ્રેમ આવ્યો. નગરલોક જે જોવા મળેલા તેને પણ તેની ઉપર સ્નેહ ઉપજ્યો. રાજાએ પાંજરૂં પોતાની પાસે લીધું. કુર્કટને બહાર કાઢી ખોળામાં લીધો. પ્રેમલાના શરીરસ્પર્શથી કુર્કટ બહુ રાજી થયો. તેના હૃદયમાં પેસવા ઇચ્છતો હોય તેમ તેના હૃદય પર ચંચુપ્રહાર કરવા લાગ્યો. પ્રેમલા તેને પંપાળવા લાગી. પક્ષી સોનાના પાંજરામાંથી તો નીકળ્યો પણ પ્રેમલાના હૃદયરૂપ પાંજરામાં પડ્યો. પ્રેમલા પણ તેના પર અત્યંત સ્નેહ કરવા લાગી. પક્ષી તેની પાસેજ રહેવાનું ઇચ્છવા લાગ્યો, પણ વાચા ન હોવાથી બોલી શકયો નહીં. પ્રેમની અનેક પ્રકારની ચેષ્ટા કરવા લાગ્યો. પ્રેમલાએ પણ પોતાનું મન તેને સોંપી દીધું. કેટલીક વારે રાજાએ કુર્કટને પાંજરામાં મુકી પાંજરૂં નટને પાછું આપ્યું. પણ તેને પોતાની પાસે બેસાડી કુર્કટ વિષે સંબંધ પૂછ્યો કે 'આ કુર્કટને તમે કયાંથી લાવ્યા છો ?'

નટોએ કહ્યું કે–' સાંભળો. અહીંથી અઢારસો કોસ દૂર **આભા** નામે નગરી છે. ત્યાં **ચંદ** નામે રાજા છે, પણ તેને તેની અપર માતાએ ગોપવી રાખ્યો છે. અમે તેને દીઠા નથી. અમે તો **વીરમતી**ને રાજ્ય કરતી જોઇ છે. તેની પાસે નાટક કરતાં અમારી ઉપર પ્રસન્ન થઇને તે ચંદરાજાની રાણી **ગુણાવળી** પાસેથી તેની મરજી વિરૂદ્ધ લાવીને આ કુર્કટ અમને આપ્યો છે. એક વખત વીરમતી કુર્કટને મારી નાખતી હતી, તેમાંથી લોકોએ તેને છોડાવ્યો હતો, પછી કુર્કટે પોતાની ભાષામાં મારી પુત્રી શિવમાળાને સમજાવી, તેથી અમે તેને માગી લીધો છે. આ સેના બધી તેની છે અને અમે તેને રાજા કરીને માન્યો છે. અમે સૌ તેના સેવકો છીએ. ત્યાંથી તે કુર્કટને લઇને ફરતા ફરતા નવ વર્ષે અમે અહીં આવ્યા છીએ. "

કુર્કટનું આ પ્રમાણેનું વૃત્તાંત સાંભળીને સોરઠપતિ **મકરધ્વજ** રાજા પ્રસન્ન થયો. તેને ચંદરાજાનો પત્તો મળ્યો. પ્રેમલા પણ તેનું નામ સાંભળીને રાજી થઇ. કુર્કટ ઉપર તેને બહુ પ્રેમ આવ્યો, પણ પક્ષીવેશમાં હોવાથી તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદરાજા તરીકે કોઇએ ઓળખ્યા નહીં.

પછી નટોએ કહ્યું કે ‘ હે રાજન્ ! જો આપની આજ્ઞા હોય તો અમે ચોમાસાના ચાર માસ અહીં રહીએ. ’ રાજાએ બહુ ખુશી થઇને કહ્યું કે ‘ આનંદથી રહો. આપણે ચાર મહીના આનંદ ગોષ્ટી કરશું. કારણ કે અમારો જીવ તમારી સાથે અને આ કુર્કટ સાથે પ્રેમથી બંધાઈ ગયો છે. ’ પછી નટો ત્યાં રહ્યા અને દરરોજ કુર્કટને લઇને રાજા પાસે આવી ગીતગાન કરી આનંદ ઉપજાવવા લાગ્યા.

એકદા મકરધ્વજ રાજા પ્રેમલાને કહે છે કે-“ હે પુત્રી ! હું પ્રથમ તારૂં કહેવું માનતો નહોતો, પણ હવે મને તારા કહેવાની તમામ ખાત્રી થઈ ચૂકી છે. મને નિર્ણય થયો છે કે તારી કહેલી વાત અક્ષરશઃ સત્ય છે. કર્મ કરે છે તે કોઇ કરતું નથી. પ્રાણી કર્મને લઈનેજ સુખ દુઃખ પામે છે. પરમાત્માએ અમુક અપેક્ષાએ કર્મનેજ કર્ત્તારૂપે વિવક્ષ્યો છે તે વાત સાચેસાચી છે. હે વત્સ ! તારા પતિ અહીંથી બહુ દૂર છે. તેનો મેળો મળવો તે તો કર્માધીન છે, પણ જો તું કહે તો આ કુકડો હું તને અપાવું, કે જેથી તેના આલાલુંબાથી તારા દિવસો સુખે વ્યતીત થશે. બાકી દૈવની સાથે બીજું તો જોર ચાલી શકતું નથી. કર્મની ગતિ વિચિત્ર છે.”

પિતાનાં આવાં વચનો સાંભળી પ્રેમલાને તો તે ઇષ્ટજ હોવાથી તેણે પિતાને આગ્રહથી કહ્યું કે “ કોઈપણ રીતે એ પક્ષી મને અપાવો. મારા પતિના ઘરનો એ પક્ષી છે, તેથી એ મને જીવ સમાન વહાલો લાગે છે. મારે એને પ્રધાન અતિથિપણે રાખવો છે, માટે કોઈપણ રીતે નટને સમજાવીને તે મને અપાવો.” રાજાએ તરતજ નટને બોલાવવા માણસ મોકલ્યું. તે શિઘ્ર આવીને હાજર થયો અને પ્રણામ કરીને બોલ્યો કે-‘ હે સ્વામી ! મને કેમ યાદ કર્યો છે ? શું હુકમ છે ? ’ રાજાએ શિવકુમાર નટને આદરપૂર્વક કહ્યું કે-“ હે શિવકુમાર ! આ તમારી સાથે જે કુર્કટ છે તે મારી પુત્રી પ્રેમલાના સાસરાનો છે. એ વાત બહુ અસંભવિત હોવાથી સ્પષ્ટ કરવાની જરૂર નથી. પરંતુ આજે ૧૬ વર્ષે અમે ચંદરાજાની હકીકત તમારી પાસેથી સાંભળી છે. આ કુકડો પોતાના પતિના ઘરનો હોવાથી પ્રેમલાને તેની ઉપર અત્યંત સ્નેહ ઉપજ્યો છે. તે જો તેને આપવામાં આવે તો તે બહુ રાજી થાય તેમ છે. તેથી જો તમે એ કુકડો અમને આપશો તો અમે તમારો પાડ માનશું અને તમે જે કહેશો તે તેના બદલામાં તમને આપશું. આ બાબતમાં અમારૂં કાંઈ જોર નથી. પણ તમે પુરૂષરત્નછો તો અમારી ઇચ્છા પૂર્ણ કરશો એવો તમારો વિશ્વાસ છે.”

રાજાની આવી હૃદયભેદક માગણી સાંભળીને નટ બોલ્યો કે-‘ હે રાજન્ ! એ અમારો રાજા છે. અમારૂં તન મન ને ધન છે. તેથી અમે કોઇ રીતે તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી શકીએ તેવું નથી, તોપણ હું જઈને વિનવું, ને જો તે અહીં રહેવા રાજી હોય તો હું તમને આપવાનો વિચાર કરૂં, પછી હું આગ્રહ નહીં કરૂં." આ પ્રમાણે કહી તે નટ પોતાને મુકામે આવ્યો અને કુર્કટને શિવમાળાની સઘળી બધી વાત કહી સંભળાવી. કુર્કટ તે વાત સાંભળીને જેમ અમૃત વૃષ્ટિ થઇ હોય તેમ પ્રસન્ન થયો. કુર્કટ વિચારે છે કે–"આતો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું એવું થયું. આ રાજા, આ નગર, આ પ્રિયા, એ સઘળાનો સંયોગ તો પુરા પુણ્ય હોય તોજ પામીએ, તેથી નટ મને અહીં આપે તો હું જરૂર ભાગ્યશાળી ગણાઉં." આ પ્રમાણેનું કુર્કટનું અહીં રહેવાનું ચિત્ત જોઇને તેને તરતજ સમજી જનારી શિવમાળા બોલી કે–"હે સ્વામી ! તમે શા કારણથી મારાથી નિર્મોહી થયા તે કાંઈ સમજાતું નથી. હું તમારી ચાકરી બીલકુલ ચૂકી નથી, મેં તમને પ્રાણની જેમ રાખ્યાછે, જાણતા અજાણતા પણ ખામી આવવા દીધી નથી, તમારા માટે ઘણા રાજા મહારાજાઓને મેં દુહવ્યા છે, તમને માથા ઉપર લઇને ફરી છું, જગતમાં તો એક ઘડી માત્રની પ્રીતિ પણ સજ્જનો પાળે છે તો તમારે મારે નવ વર્ષનો સ્નેહ છે તે છોડી દેવા તમે એકદમ કેમ તૈયાર થયા છો તે કાંઈ સમજાતું નથી. અરે પક્ષીરાજ ! તમારા વચનથી તમને વીરમતી પાસેથી છોડાવ્યા અને સાથે રાખ્યા તો આજ સુધી સ્નેહ બતાવીને હવે એકદમ કેમ સ્નેહ છોડવા માગો છો ? તમે મારી સેવાનો બદલો શી રીતે આપશો ? તમને આમ કોણે ભોળવ્યા કે જેથી એકાએક મારા પ્રત્યે નિઃસ્નેહી થઇ ગયા છો ? પ્રથમ સ્નેહ બતાવીને હવે આમ કેમ કરો છો ?"

કુર્કટ પોતાની ભાષામાં શિવમાળાને કહે છે કે–"હે નટપુત્રી ! તું આમ શામાટે કહે છે ? હું કાંઈ સમજતો નથી ? બધું સમજું છું. વિબુધ સાથેની પ્રીતિ ક્ષણે ક્ષણે હૃદયમાં ખટકે છે; તે છોડી શકાતીજ નથી; વળી તારા ગુણના–તારી એક ઘડીના ઓશીંગણ કોઈ રીતે મારાથી થઈ શકાય તેમ નથી. તેં મારા ઉપર જે જે ઉપકાર કર્યા છે તે તારે કહી દેખાડવાની જરૂર નથી, હું બધા જાણું છું. કેમકે હું પણ શેર અનાજ ખાઉં છું. નવ વર્ષનો સ્નેહ તજવો તે અત્યંત મુશ્કેલ છે, પરંતુ અન્યના હૃદયની વાત અન્ય સમજી શકતું નથી. તારી જેવાનો સંગ મૂર્ખ હોય તે તજે, પણ હે નટપુત્રી ! આમાં એક પ્રબળ હેતુ છે, તેથી તારે દુહવાવાનું કારણ નથી. સાંભળ ! હું અહીંના રાજાની પુત્રીનો પતિ છું, હું તેની સાથે પરણેલો છું, એના કારણથીજ માતાએ મને પંખી બનાવેલો છે. દુઃખની આ બધી વાત કહેતાં હૃદય ફાટી જાય તેમ છે, પણ દૈવ જે દુઃખ આપે તે સહન કર્યા વિના છુટકો થતો નથી. પ્રભુ તારૂં ભલું કરજો કે તેં મને વીરમતી પાસેથી છોડાવ્યો અને અહીં વિમળપૂરી પહોંચાડ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારૂં મન આ કારણથી અહીં રહેવા લલચાણું છે, તોપણ જો તું રાજી રહે તોજ હું અહીં રહેવા ઇચ્છું છું. જો તું મને અહીં નહીં સોંપે તો મારૂં કાંઇ જોર નથી. કારણકે બકરીને તેનો ધણી કાન પકડીને જ્યાં લઇ જાય ત્યાં તેને જવું પડે છે. ”

આ પ્રમાણેનાં કુર્કટનાં વચનો સાંભળીને શિવમાળા બહુ દિલગિર થઇ, તેના બે નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. છેવટે હૃદયને દૃઢ કરીને તે બોલી કે–“ હે આભાપતિ ! હે વહાલા ! આજ આ વાત મેં જાણી છે, તો હવે જેમ આપ ચાહો છો તેમ હું કરીશ. તમને અહીં સોંપી જઇશ. ભલા, મારી ચાકરી પણ આજ લેખે આવી કે જેથી તમે સોળ વરસ અગાઉ પરણેલી સ્ત્રી સાથે મળી શકયા. હું પણ મારા જીવિતવ્યને ધન્ય માનું છું. ”

આ પ્રમાણે તે બંને વાતો કરે છે તેવામાં પુત્રીના આગ્રહથી મકરધ્વજ રાજા પોતેજ ત્યાં આવ્યા. શિવનટે અત્યંત આદર સત્કાર કર્યો. પછી રાજાએ તેને કહ્યું કે–“ હું એ પક્ષી લેવા માટેજ આવ્યો છું. જો તમે રાજી થઇને આપશો તો હું મને તમે ઘણું મહત્વ આપ્યું એમ માનીશ, અને મારી પુત્રીને જીવિતદાન આપ્યું ગણી તમારો પાડ માનીશ. વધારે શું કહું ? ” નટ બોલ્યો કે– “ હે સ્વામી ! તમે એને પક્ષી માત્ર ગણશો નહીં, એતો અમારા મનથી આભાનગરીનો રાજા છે, અને તેથીજ તમને આપતાં મન ચાલતું નથી અને ના પણ કહી શકાતી નથી, એક બાજુ નદી ને એક બાજુ વાઘવાળો ન્યાય થયો છે. ” શિવમાળા બોલી કે—“ હે રાજન્ ! એને માટે અમે ઘણા રાજાઓને વૈરી કર્યા છે, એને માટે અનેક પ્રકારનાં કલેશ સહન કર્યા છે, પરંતુ તમારી પુત્રી મારી સખી છે તેથી તેને માટે આ મારા પ્રાણ સમાન પક્ષીને આપવામાં હું આનાકાની કરી શકતી નથી. હે નરપતિ ! તમે ખુશીથી એને લઈ જાઓ, તમારૂં ને એનું ક્રોડ કલ્યાણ થજો, એને ક્રોડ યત્ન કરીને જાળવજો અને એ આભાપતિજ છે એમ જાણજો. એને પક્ષીમાત્ર જાણીને ભૂલ ન ખાશો. એનાથી તમારી પુત્રીની સર્વે આશાઓ પૂર્ણ થશે. ”

આ પ્રમાણે કહીને કુર્કટનું પાંજરૂં રાજાને સ્વાધીન કર્યું. એટલે રાજા તેનો આભાર માની ઘણો હર્ષિત થઈ પાંજરૂં લઇને રાજભુવનમાં આવ્યો, અને હાથોહાથ તે પાંજરૂં પ્રેમલાને આપ્યું. પ્રેમલા અત્યંત રાજી થઈ. હવે પ્રેમલા તેની સાથે આનંદ કરશે, પોતાના હૃદયના ઉભરા કાઢશે, અને પરિણામે તેને અસલ સ્થિતિમાં લાવવાને કારણભૂત થશે, તે બધું આપણે હવે પછીના પ્રકરણમાં વાંચશું; હાલ તો આ પ્રકરણમાંથી શું સાર ગ્રહણ કરવા યોગ્ય છે તેનો વિચાર કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૨૧ મા નો સાર.

આ પ્રકરણમાં એક પ્રકારનો સાંસારિક દંપિસંયોગરૂપ આનંદ સમાયલો છે. ચંદરાજાનું સ્થાનભેદ થવાપણું થાય છે. પ્રથમ ગુણાવળી પાસેથી નટો પાસે અને ત્યાંથી પ્રેમલા પાસે આ મોટો ફેરફાર છે. અહીં ખાસ ધ્યાન આપવાનું એ છે જે–પોતે ચંદરાજા, તેનું જ્ઞાન જાગૃત રહેવાથી બધાને ઓળખે છે, બધી હકીકત જાણે છે. પરંતુ મનુષ્ય ભવમાં અવાંતર તિર્યંચ દશા પ્રાપ્ત થયેલી હોવાથી વાચા રોકાઈ જવાને લીધે કાંઇ પણ કહી શકતો નથી. કર્મનું આવું બળવત્તરપણું છે. મુંગેકું સ્વપ્ના ભયા, સમજ સમજ પસ્તાય–એ કહેવત અનુસાર અહીં સ્થિતિ છે. આ સ્થિતિ અત્યંત શોચનીય છે. સામાન્ય તિર્યંચોને પૂર્વસ્થિતિ વિસ્મરણ થયેલી હોવાથી આની જેવું દુઃખ લાગતું નથી. તે તો પોતાના ખાન-પાનમાં આસક્ત રહે છે. આને તો જોવું ને રોવું તેના જેવું થયું છે. પરંતુ પ્રાણીએ કર્મ કરતાંજ વિચાર કરવાનો છે, ઉદય વખતે વિચાર કર્યો કામ આવતો નથી.

અહીં બીજો મોહનીય કર્મનો પ્રચાર જોવા જેવો છે. તે અવ્યક્તપણે પણ કેટલું કામ કરે છે. કુકડાને બીલકુલ નહીં ઓળખવા છતાં પ્રેમલાને તેના ચાંચ વિગેરેના સ્પર્શથી–તેને જોવાથી એક પ્રકારનો આનંદ આવે છે, અને તે તેને વારંવાર સ્પર્શ કરવા ઇચ્છે છે. આ મોહનીય કર્મની કરાવેલી ચેષ્ટાઓ છે. તે અનેક પ્રકારના પૈદ્ગળિક પદાર્થો ઉપર પ્રથમ રાગ કરાવી પછી તેના વિયોગ વખતે શોકમાં નિમગ્ન કરી મૂકે છે. તેનું એક છત્ર રાજ્ય સર્વવ્યાપી છે. તેના ફંદમાં તો માત્ર જ્ઞાની મહાત્માઓજ ફસાતા નથી; બીજાઓનો તો તેની પાસે આસરોજ નથી. તે તો તેને આધીનજ થઇ જાય છે અને તે જેમ નચાવે તેમ નાચે છે અને તે જેવી પ્રેરણા કરે તેવી ચેષ્ટાઓ કરે છે.

જુઓ મોહનો પ્રચાર ! પતિનું નામ, તેના શહેરનું નામ, તેના ગામનો–તેના ઘરનો કુકડો પણ અત્યંત વ્હાલો લાગે છે. મકરધ્વજ રાજાને પણ જામાતા શ્વસુર સંબંધ હોવાથી તેને પણ તેનાપર પ્રેમ આવે છે. તે નટોને તેની હકીકત પૂછે છે, નટો કહે છે, અઢારસો કોશથી પગે ચાલતા, દેશપરદેશ ફરતા નવ વર્ષે તે અહીં આવે છે. આજની જેવા રેલવે, તાર વિગેરેના કે પોસ્ટના પણ તે કાળે સાધન હોય એમ જણાતું નથી. આ પ્રસંગોના નટોથી ખબર મળ્યા છતાં પણ ત્યાં માણસ મોકલી ખબર કઢાવવાની કે ચંદરાજાને તેડાવવાની કશી તજ-વીજ આખા સોરઠ દેશનો રાજા પણ કરી શકતો નથી. એ સાધનોનો અભાવ સૂચવે છે.

મકરધ્વજ રાજાની આજ્ઞા મેળવીને નટો ત્યાં ચાતુર્માસ વ્યતીત કરવા રોકાય છે. રાજા પણ તેઓના ને કુર્કટના પ્રસંગમાં વધારે આવવાની ઇચ્છાથીજ તેમને રહેવાની આજ્ઞા આપે છે. નટો પણ દરરોજ રાજા પાસે આવીને તેને પ્રસન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. આ નટોની કહેલી હકીકત ઉપરથી રાજાને પ્રેમલાની કહેલી તમામ વાતની પ્રતીતી આવે છે અને તે પ્રેમલા પાસે પોતાની ભૂલ કબુલ કરે છે. ભૂલ કબુલ કરવી તે પણ બહુ મુશ્કેલ હકીકત છે. ઘણા માણસો પોતાની ભૂલ સમજ્યા છતાં પણ અભિમાનની ક્ષતી થતી હોવાથી તે કબુલ કરતા નથી અને તેને પરિણામે ખરૂં સત્ય જાહેર થતું અટકી પડે છે. મકરધ્વજ રાજા સરલચિત્ત હોવાથી તેવો દંભ રાખતા નથી અને પ્રેમલાને તેની વાત સાચી હતી એમ કહેવા સાથે પોતે સિંહળરાજાના મંત્રી વિગેરેથી ઠગાયો હતો તેની પણ ગર્ભિત કબુલાત કરે છે.

પોતાની ભૂલના નિવારણનો તાત્કાળિક બીજો તો કાંઇ ઉપાય નથી, પણ પ્રેમલાને પ્રસન્ન કરવા માટે કુકડો લાવી દેવાનું કહે છે. પ્રેમલાને તો તે જોઈતુંજ હતું એટલે પિતા તરફથી તે વાત કહેવાતાં તે અતિ આગ્રહ કરે છે. રાજા નટને બોલાવે છે. પણ બહુ વિવેક પૂર્વક તેની પાસે કુકડાની માગણી કરે છે. કોઈપણ પ્રકારનો રાજમદ કે અધિકારનું બળવાનપણું બતાવતા નથી, અને ન્યાયથી પણ જરાકે દૂર જતા નથી. શિવકુમાર નટ જવાબમાં કુકડાની ઇચ્છા ઉપરજ વાત મૂકે છે અને પોતે તેની ઈચ્છા પૂછવા જાય છે. કુકડાને તે વાત નિવેદન કરતાં પ્રેમલાની જેમ તેના પણ રોમ રોમ વિકસ્વર થાય છે. જુઓ! મોહનું પ્રબળપણું! પ્રેમલા પાસે રહેવાથી બીજો કશો પણ ઉપભોગ પ્રાપ્ત થવાનો નથી; માત્ર તેને જોવી અને રાજી થવું એટલુંજ છે, છતાં પણ નવ વર્ષના સ્નેહવાળી શિવમાળાને તજીને તે પ્રેમલાની પાસે જવા–રહેવા ઇચ્છે છે. વિચક્ષણ શિવમાળા તરતજ તેના વિચાર સમજી જાય છે, અને તેથી તે તેને લાગતા ઘણા વચનો કહે છે. શિવમાળાને આ સંબંધની ખબર ન હોવાથી તેને કુકડાનો વિચાર ફરેલો જોઇને બહુ લાગી આવે છે. પોતે નટપુત્રી છે અને પ્રેમલા રાજપુત્રી છે, તેથીજ કુકડો તેની પાસે જવા લલચાય છે એવું તે ઉપલક વિચારથી કલ્પે છે, અને તેથીજ તે કુકડાને મર્મભેદક વાક્યો સ્નેહના આવેશમાં કહે છે. કુર્કટ તેના ઉત્તરમાં પોતાની પૂર્વની હકીકત સંક્ષેપમાં કહે છે, વધારે સ્પષ્ટીકરણ કેટલાક કારણથી કરતો નથી. ઉત્તમ પુરૂષો પારકા છિદ્ર ઉઘાડવામાં પ્રાયે મુકજ હોય છે. એ વાતનું વધારે સ્પષ્ટીકરણ કરવા જતાં તેમાં પોતાની અપરમાતાના છિદ્ર ખુલાં થાય તેમ છે, તે તેને ઇષ્ટ નથી. તેથી તે વાત ટુંકામાં કહે છે. તે સાથે શિવમાળાના ઉપકારને અંગે પણ બહુ કહે છે. ઉત્તમ પુરૂષો કૃતજ્ઞજ હોય છે, તેઓ કોઈનો કરેલો અલ્પમાત્ર ગુણ કે લાભ પ્રાણાંતે પણ ભૂલતા નથી. તો આ શિવમાળાએ તો પોતાના નાટકનો શિરપાવ–બક્ષીશ જે પુષ્કળ મળી શકે તેમ હતી તે તજી દઈ કુકડાના વચન માત્રથી તેનેજ માંગી લીધો છે, ને પ્રાણસંકટમાંથી છોડાવ્યો છે; ત્યાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પણ નવ વર્ષ પર્યંત તેને પોતાના રાજા તરીકે ઘણી ભક્તિ કરી છે, અનેક સ્થાનકે તેને માટે યુદ્ધ કર્યાં છે, વૈર વસાવ્યા છે, કષ્ટ સહ્યાં છે, અને પોતાનો આર્થિક લાભ જતો કર્યો છે. એટલુંજ નહીં પણ છેવટે જેને મળવાનો અત્યંત અસંભવ હતો તેની પાસે લાવીને તેનો મેળો કરી આપ્યો છે. તેવી ઉપકારકનો ઉપકાર ચંદરાજા જેવો ઉત્તમ પુરૂષ કદાપિ પણ ભૂલેજ નહીં, પણ શું કરે ? અત્યારે તે લાચાર છે, તેનો કાંઈ ઉપાય નથી. તે કોઈ રીતે તેનો બદલો વાળી શકે તેવી સ્થિતિમાં નથી. બાકી જો મનુષ્યત્વ પામેલ હોત તો તેને ગામ ગ્રાસાદિ આપીને અવશ્ય સંતુષ્ટ કરત, પણ હાલ તો માત્ર વચનદ્વારાજ તેનો ઉપકાર માની શકાય તેમ છે, તેથી તેવી રીતે માને છે. તેમાં પણ પ્રાંતે કહે છે કે–'અહીં ગમે તેવો મારો રાગ છે, સંબંધ છે, રહેવાની ઇચ્છા છે, પણ જો તું રાજી થઈ મને અહીં મૂકી જાય–પ્રેમલાને આપે તોજ રહેવું છે, નહીં તો તારી સાથે આવવા તૈયાર છું.' આ વિવેકીનો વિવેક છે.

શિવમાળા કુકડાની બધી હકીકત સાંભળ્યા પછી જો કે તેના વિયોગથી પોતાને અત્યંત દુઃખ થાય છે, તો પણ પોતાનો આગ્રહ છોડી દે છે. પોતાની કરતાં પ્રેમલાનો આ કુકડા ઉપર વધારે હક છે એમ તે સમજે છે અને અહીં રાખવાથી તેને કષ્ટના અંશનો તો સંભવ નથી પણ લાભની પ્રાપ્તિ થવાનો સંભવ છે એમ માને છે. આવા દીર્ઘ વિચારથી તે હૃદયને દૃઢ કરીને કુર્કટને કહે છે કે–'જો તમારી એવીજ ઇચ્છા છે તો હું તમને અહીં મૂકી જઈશ; તમે આનંદથી રહેજો, તમારો સ્ત્રી ભર્ત્તારનો મેળો થવાથી હું પણ મારા આત્માને કૃતાર્થ માનું છું.' સજ્જન મનુષ્યોની સ્થિતિ આવીજ હોય છે. તે પોતાના લાભ કરતાં પરના લાભ તરફ વિશેષ દૃષ્ટિ કરે છે. અને પોતાના લાભના ભોગે પણ જો અન્યને લાભ થતો હોય તો તે કરી આપે છે. દુર્જનોની સ્થિતિ આ કરતાં ઉલટીજ હોય છે. તેઓ અન્યના લાભના ભોગે–અન્યને નુકશાન કરીને પણ પોતે લાભ મેળવવા ઇચ્છે છે, મેળવે છે. સજ્જન દુર્જનનો આ વ્યત્યાસ અનાદિ કાળથી છે.

શિવમાળા ને કુર્કટની વાતચીતનું પરિણામ સંતોષકારક આવે છે, તેવામાં રાજા પોતેજ કુર્કટને લેવા આવે છે, અને ઘણી નરમાશથી નટની પાસે તેની માગણી કરે છે. તેમાં છેવટ 'જો કુકડો આપશો તો તમે મારી પુત્રીને જીવિતદાન આપ્યું માનીશ' ત્યાં સુધી કહે છે. માગવા માગવામાં પણ બહુ ફેર હોય છે. મા કહીને પણ મગાય છે અને બાપની વહુ કહીને પણ મગાય છે. ડોશી મા કહેવાથી જે પ્રસન્ન થાય છે તે બાપની બૈયર કહે તો ગાળો ભાંડે છે. આ બધાં વચનરચનાનાં સારાં માઠાં પરિણામ છે. અગાઉ માર્ગમાં પણ આ કુક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાની માગણી થવાની હકીકત આપણે વાંચી ગયા છીએ, ત્યાં જોરાવરીથી માગણી થયેલી હતી, એટલે તેને કુકડો ન મળતાં ઉલટો પરાભવ સહન કરવો પડ્યો હતો. અહીં નરમાશની માગણી હોવાથી નટો ના પાડી શકતા નથી, એટલે કુકડો આપે છે. રાજા રાજી થઈ તેને લઈ જઈને પ્રેમલાને આપે છે.

આ વખતે પ્રેમલાને જે હર્ષ થયો છે તે વચનદ્વારા કહી શકાય કે વર્ણવી શકાય તેમ નથી. તે છતાં જો કે કેટલોક હર્ષનો ઉભરો તો પ્રેમલા કુકડાની પાસે કાઢશે. અનાદિ અભ્યાસથી અવ્યક્તપણે-અજાણપણે પણ થયેલો ઈષ્ટ વસ્તુનો સંયોગ એકેંદ્રિયથી માંડીને સર્વ જીવોને આનંદ આપે છે.

પ્રેમલા હવે કુકડાની સાથે આનંદનો અનુભવ કરશે અને તેની પાસે તેને પોતાના શ્વસુરગૃહમાં રહેનારો માની ચંદરાજા પ્રત્યેના ઉભરા કાઢશે. શિવમાળાને જો કે પ્રેમલાના ને કુકડાના સંબંધની ખબર પડી છે; પરંતુ તે વાત કોઈ પણ કારણને લઈને તેમજ વસ્તુગત અસંભાવ્યપણું હોવાથી તે હકીકત રાજાને કે પ્રેમલાને તે કહેતી નથી. તોપણ ગર્ભિત રીતે બધું કહે છે કે 'આને આભાપતિજ જાણજો, અને આનાથીજ તમારી પુત્રીની બધી ઈચ્છાઓ પૂર્ણ થશે.' મુગ્ધ રાજા આ વાક્યોની અંદરના મર્મને સમજી શકતો નથી. પ્રેમલા પણ તે હકીકતથી અજ્ઞાત રહે છે. હવે આગળ આ હકીકત વધારે સ્ફુટ થવાનો પ્રસંગ આવે છે. વાંચકો પણ હવે દીર્ઘકાળે કુકડાને ચંદરાજા થયેલ જોવા, જાણવા, વાંચવાને ઈચ્છતા હશે તો આવતા પ્રકરણમાં ઘણું કરીને આ ઇચ્છા પૂર્ણ કરવામાં આવશે. હાલ તો આ પ્રકરણમાં આવેલી શિખામણો, કર્મના વિકારો અને કર્મની આધીનતા-ઇત્યાદિ બતાવીને આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે.

# શ્રી જૈન આગમોદય સમિતિની સ્થાપના.

### પાટણ. ભાદ્રપદ શુદિ ૧૦-૧૧ શનિ, રવિ.

આ અત્યુત્તમ અને ઉપયોગી સંસ્થાની સ્થાપના તો **શ્રી ભોયણી તીર્થે પંન્યાસજી શ્રી આનંદસાગરજી, પં. મેઘવિજયજી, પં. મણિવિજયજી વિગેરે** અનેક મુનિરાજની સંમતિથી તેમની સમક્ષ ગયા માહ શુદિ ૧૦ મે કરવામાં આવેલી હતી, પરંતુ તેની કમીટી વિગેરેની ચાલુ જમાના પ્રમાણેની વ્યવસ્થા અનેક કારણોથી તરતમાં બની શકી નહોતી તે ભાદ્રપદ શુદિ ૧૦-૧૧ એ બે દિવસોએ શ્રી પાટણ મુકામે મળીને કરવામાં આવી છે.

માહ શુદિ ૧૦ થી સદરહુ સમિતિના કાર્યની શરૂઆત કરવામાં આવેલી છે. સમિતિના મુખ્ય બે કાર્ય નીચે જણાવેલા મુકરર કરવામાં આવેલા છે.

૧ જૈનાગમો પંચાંગી સમેત મુનિરાજ પાસે શુદ્ધ કરાવીને શ્રેષ્ઠ કાગળો ઉપર સારા ટાઇપથી છપાવવાની ગોઠવણ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ અનેક મુનિરાજ જૈનાગમની વાંચના આગમના બોધવાળા વિદ્વાન્ મુનિરાજ પાસે લઇ શકે તેવી યોજના કરવી.

ઉપર જણાવેલા બંને કાર્ય પૈકી પ્રથમ કાર્ય પરત્વે પંન્યાસજી આણંદસાગરજીની દેખરેખ નીચે આગમોની ટીકા સમેત શુદ્ધ પ્રેસકોપી કરાવવાનું શરૂ કરવામાં આવતાં તેને છપાવવા સારૂ નિર્ણયસાગર પ્રેસમાં બંદોબસ્ત કરીને તેને માટે ખાસ ઓર્ડરથી શ્રેષ્ઠ કાગળો મંગાવીને તેપર છપાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

હાલમાં સમિતિ તરફથી **શ્રી આવશ્યક સૂત્ર** હારિભદ્રી ટીકા સમેત અને **શ્રી આચારાંગ સૂત્ર** શીલાંકાચાર્ય કૃત ટીકા સમેત છપાય છે અને શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી **શ્રી અનુયોગદ્વાર સૂત્ર** અને **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** ટીકા સમેત છપાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ચારે સૂત્રોના કેટલાક ફારમો છપાઇ ગયા છે. તદુપરાંત **શ્રી ઉવવાઈ સૂત્રની** પ્રેસકોપી તૈયાર થઇ ગઇ છે. **શ્રી પિંડનિર્યુક્તિની** તૈયાર થાય છે અને બીજા સૂત્રોને માટે પણ તજવીજ શરૂ છે.

આ કાર્યને અંગે આર્થિક સહાય મેળવવાનું પણ **શેઠ વેણીચંદ સુરચંદ** ના પ્રયાસથી ચાલુ કરવામાં આવેલ છે અને તેમાં પણ સારી રકમ ભરાયેલી છે. આગળ પ્રયત્ન શરૂ છે.

બીજા કાર્યને અંગે શ્રી પાટણ સ્થાન મુકરર કરી ગયા વૈશાખ વદી ૬ થી વાચનાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. **પંન્યાસ આણંદસાગરજી** વાચના આપે છે અને તેનો લાભ ૩૦ મુનિરાજ અને ૧૦ સાધ્વીઓ લે છે. બે ટંક બે બે કલાક વાચના ચાલે છે. સવારમાં **શ્રી દશવૈકાલિક** હારિભદ્રી ટીકાની વાંચના ચાલતી હતી તે પૂર્ણ થયેલ છે, તેથી બંપોરે ચાલતી **સૂત્રકૃતાંગસૂત્ર**ની વાંચના બંને ટંક ચાલે છે. તે ચતુર્માસ આખરે પૂર્ણ થવા સંભવ છે.

ભાદ્રપદ શુદિ ૧૦–૧૧ એ બે દિવસે મળેલી મીટીંગમાં આ સમિતિની રીતસરની વ્યવસ્થા માટે એક જનરલ કમીટી નીમવામાં આવી છે. ૮ સેક્રેટરીઓ નીમવામાં આવ્યા છે અને સમિતિને લગતા ધારા ધોરણ પસાર કરવામાં આવ્યા છે. તેની તમામ હકીકત સદરહુ સમિતિ તરફથી છપાઇને પ્રસિદ્ધ થનાર છે.

કાર્ય અતિ ઉત્તમ છે, દરેક રીતે સહાય આપવા લાયક છે. પૂર્વકાળે વર્તતી આગમ વાચનાની ઉત્તમ શૈલીનું ભાન થાય છે. તે સાથે આગમોની અશુદ્ધ પ્રતોને શુદ્ધ કરવાનો અને એક પ્રત શુદ્ધ થયા પછી તેની જેટલી નકલ છપાવવામાં આવે તેના લેનાર બધાને તે લાભ મળવાનો આ શુભ પ્રસંગ છે. ઉત્તમ જૈનોએ બંને કાર્યના સંબંધમાં તન મન ધનથી લાભ લેવા લાયક છે. અમારી તે કાર્યપરત્વે અંતઃકરણથી સહાનુભૂતિ છે.

For Private And Personal Use Only

# कीर्तिपालन.

## ( અગિયારમું સૌજન્ય. )

( લેખક—કાપડિયા મોતીચંદ ગીરધરલાલ-સોલીસીટર. )

Good name, in man or woman, dear my lord,
Is the immediate Jewel of their souls;
Who steals my purse, steals trash; 'tis something nothing;
'Twas mine 'tis his, and has been slane to thousands;
But he that fitches from me my good name,
Robs me of that which not enriches him,
And makes me poor indeed.[1]

SHAKESPEARE.

If parliament were to consider the sporting with reputation of as much importance as sporting on manors and pass an act for the preservation of fame, there are many who would thank them for the bill.[2]

ાણુકપ

SHERIDAN.

અહીં આપણે માટે, સાદ અગત્યના વ્યવહારૂ વિષયપર વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. માટે વર્તની બાર શિક્ષાઓ બતાવનાર મહાત્માએ એક બાજુએ જ્યારે તૃષ્ણા આણીમા, ગુણ પ્રચ્છાદન જેવા આંતરંગ વિષયો પર વિચાર કર્યો છે ત્યારે પોતાના ની શ્રેયને વ્યવહારૂ બનાવવા માટે સાથે 'કીર્તિપાલન' જેવા એકદમ વ્યવહારૂ વિષયને પણ બીજી બાજુએ હાથ ધરવાની તક હાથમાં લીધી છે. વિશાળ અવલોકન કરવાની પદ્ધતિ પ્રાપ્ત થઇ હોય તેજ એક સાથે

---

૧ મારા પ્રભુ! પુરૂષ અથવા સ્ત્રીમાં સારૂં નામ તે આત્માનું એક નજીકનું રત્ન છે. જેઓ મારી રૂપિયાની કોથળી ચોરી જાય છે તે એક સાધારણ નકામી વસ્તુ લઈ જાય છે, તે એક સાધારણ બાબત છે, દમવગરની વાત છે; તે મારી હતી અને હવે તે તેની થઇ; તે તો હજારોની ગુલામ તેવી રીતે થયેલી છે. પરંતુ જે મારૂં સારૂં નામ લઇ લે છે તે મારી એવી વસ્તુ ચોરી લે છે કે જેનાથી તે પોતે પૈસાદાર થતો નથી અને મને જરૂર ગરીબ બનાવે છે. **શેકસપીયર.**

૨ પારકાના એસ્ટેટ ( ખાનગી ક્ષેત્રો ) પર શિકાર કરવાની બાબતને જેટલી અગત્યની પાર્લામેન્ટ ગણે છે તેટલીજ અગત્યની વાત પારકાની આબરૂનો શિકાર કરવાની હકીકતને ગણે અને તેની જાળવણી માટે કાયદો પસાર કરવા દરખાસ્ત લાવે તો ઘણા માણસો એવા છે કે જેઓ એવા કાયદા લઈ આવવા માટે આભાર દર્શાવે. **શેરીડન.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધ્યાત્મિક અને સ્થૂળ વ્યવહારૂ વિષયોને હાથ ધરે છે અને જ્યારે તે સ્થૂળ વિષયોને હાથ ધરે છે ત્યારે એવી અસરકારક રીતે પણ સમર્થપણે તેને દીપાવે છે કે તે વ્યવહારૂ વિષય અતિ ઉપયોગી હોવા સાથે આધ્યાત્મિક બાબત કે જેનો ઉપદેશ કરવામાં આવ્યો હોય છે તેને જરા પણ વિરોધ ન આવે. આ વિશિષ્ટ પદ્ધતિનો કેવો સુંદર રીતે અહીં ઉપયોગ થયો છે તે આપણે ફરીવાર આ વિષયના છેવટના ભાગમાં વિચારશું.

મનુષ્યભવની મહત્તા સાધ્ય સાધનોની પ્રાપ્તિને અંગે છે તે આપણે અગાઉના સૌજન્યના લેખમાં જોયું હતું. આ પ્રાણીને સંસારમાં ભટકવું પડે છે તેને અંગે અનેક પ્રકારની ઉપાધિઓ વારંવાર થયા કરે છે. કોઇ કોઈ વાર જેને તે સુખ માને છે તેમાં સુખનો કાંઇક અનુભવ થોડો વખત થાય છે. પણ વળી પાછો દુ:ખનો અનુભવ થવા માંડે છે, માનેલ સુખનાં સાધનો ખસી જાય છે અને મનમાં વિષાદ થયા કરે છે. એક તો સુખની માન્યતા અવ્યવસ્થિત પ્રકારની અને બીજું તેનો અસ્થાયી ભાવ એ બન્ને વિચારણાને અંગે વાસ્તવિક સુખ કદિ નાશ ન પામે તેવી રીતે મળે તેની શોધમાં જ્યારે આ પ્રાણી આવી પહોંચે છે ત્યારે તેને મોક્ષના સુખનો ખ્યાલ મહાત્માઓ વિશિષ્ટ જ્ઞાનથી અથવા સ્વાનુભવાનુસાર જ્ઞાનીઓના દર્શિત વિચારોને અંગે આપે છે અને ...ારે એવા વિશિષ્ટ સુખને પ્રાપ્ત કરવા જે વિચારો થાય છે તેનાં સાધને મુકરર કરી ...ષ્યજીવનમાં બહુ અંશે લક્ષ્ય છે અને તેનો લાભ લેવાની જરૂર છે એમ ...ાય છે. આવા વિશિષ્ટ કારણથી મનુષ્યજીવનની મહત્તા છે અને તે ખાસ અ...માં રાખવા યોગ્ય છે.

એવી રીતે મનુષ્યજીવનની નિદર્શિત કરેલી ...સિદ્ધ કરવા માટે વર્ત્તનને અત્યંત આદર્શરૂપ બનાવવાની જરૂર છે. પ્રથમ વર્તનને અંગે કયા કયા ગુણો અમલમાં મૂકવા યોગ્ય છે અને પોતાના સંયોગાનુસાર પોતે તેને અંગે કેટલું કરી શકે તેમ છે તેની વિચારણા કરવી જોઇએ. વર્તનને જેમ બને તેમ ઉચ્ચ રાખવું અને વધારે ઉચ્ચ કરવાની ભાવના રાખવી. જેમ ભાવના ઉચ્ચ હોય છે તેમ તેને પહોંચવા ઇચ્છા થાય છે અને તેને જેટલે અંશે પહોંચવામાં ફતેહ મળતી જાય છે તેટલે અંશે જીવનયાત્રાનું સાફલ્ય થાય છે.

ચારિત્ર–વર્તનની વિચારણા માટે અનેક બાબતોપર લક્ષ્ય આપવાની જરૂર રહે છે. જેને વર્તન સારૂં કરવાની ઇચ્છા હોય તેણે ખાસ કરીને વિશુદ્ધ અને સ્પષ્ટ નિર્ણયપૂર્વક પ્રમાણિક વ્યવહાર કરતા શીખવું જોઇએ. જ્યાંસુધી લેવાદેવામાં, વ્યાપારમાં કે સ્નેહસંબંધમાં પોતાની યોગ્યતા પ્રમાણે અને હક પ્રમાણે લાભ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહે ત્યાંસુધી પ્રમાણિક વ્યવહાર થાય છે, પરંતુ ગોટાળાઓ, દંભ કરી, કુટિલતા કરી કે છટકાં માંડી કાંઇપણ અયોગ્ય રીતે વધારે મેળવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની લાલચ રહે એ અપ્રમાણિકપણું છે અને તેવું આચરણ થાય ત્યાંસુધી ચેતનની પ્રગતિ થતી નથી. વ્યવહારના સાધારણમાં સાધારણ ગણાતા આ નિયમને બાજુ ઉપર મૂકી જેઓ અમુક ક્રિયા કરવાથી કે આત્મા સંબંધી વાતો કરવાથી પોતાને ઉન્નત માનતા હોય તેઓ આત્મવંચના કરે છે. પોતાના વર્તનને એટલું વિશુદ્ધ અને પ્રમાણિક બનાવી દેવું જોઇએ કે પોતાના હક વગર કરોડો રૂપિયા મળે તેવું હોય તો તેની કદિ ઇચ્છા પણ ન થાય, તે મેળવવા ખ્યાલ પણ ન આવે અને તેના તરફ એક પ્રકારનો વિરાગ થઈ જાય. સમ્યક્‌ત્વ જેવા આત્મપ્રગતિમાં અતિ આગળ વધેલ આત્મગુણ પ્રાપ્ત થયા પહેલાં જ્યારે પ્રાણી રસ્તાપર આવતો જાય છે ત્યારે તેને અમુક ગુણો પ્રાપ્ત થાય છે, જેને ‘ માર્ગાનુસારીનાં પાંત્રીશ ગુણો ’ કહેવામાં આવે છે. આ માસિકમાં અન્યત્ર આ ગુણોપર વિવેચન થઈ ગયું છે. એ ગુણો પ્રાપ્ત થાય ત્યારે તો હજુ–અત્યાર સુધી મોક્ષના રસ્તાપર પણ પ્રાણી નહોતો તેને બદલે માર્ગપર આવે છે એટલે તેની સન્મુખ થાય છે. જેમ કે મુંબઈથી સુરત જવું હોય તો અત્યારસુધી કોલાબા તરફનો રસ્તો લીધો હતો તે હવે ગ્રાંટરોડ તરફ આવવાનું થયું છે. આ માર્ગાનુસારીના ગુણોમાં પ્રથમ ગુણ ‘ ન્યાય સંપન્ન વિભવ ’ છે. એટલે કે માર્ગપર આવનાર પ્રાણીમાં સૌથી આવશ્યક અને પ્રથમ ગુણ પ્રમાણિકપણાનો હોવો જોઇએ.

માર્ગપર આવવા માટે, સાધ્યનો માર્ગ ગ્રહણ કરવા માટે અને વિભાવોપર સામ્રાજ્ય મેળવવા માટે વર્તનને જેમ બને તેમ વિશુદ્ધ કરવાની જરૂર છે. એ માર્ગાનુસારી થનાર પ્રાણીમાં પાંત્રીશ ગુણો વર્તતા હોય છે તેનું લીસ્ટ શ્રી યોગશાસ્ત્રમાં વિસ્તારથી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે આપ્યું છે, તેમજ ધર્મબિન્દુ ગ્રંથમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિએ આપ્યું છે. યોગના વિષયમાં પ્રગતિ કરવાનાં આદ્ય સાધનોમાં આ ગુણો બહુ અગત્યનો ભાગ ભજવે છે. એ ગુણો બાહ્ય વર્તનને જેમ બને તેમ વિશિષ્ટ કરવાના ઇરાદાથી યોજાયલા જણાય છે અને એટલા બધા વ્યવહારૂ છે કે એમાં લગ્ન સંબંધ કેવા માણસો સાથે અને કેવી રીતે જોડવો, ઘર કેવા પ્રકારનું રાખવું, એવી એવી વ્યવહારૂ બાબતોપર પણ લક્ષ્ય ખેંચ્યું છે અને સાથે બાહ્ય વર્તન ઉચ્ચ થઈ જવાના સાધનરૂપ પ્રમાણિકપણાના, દયાળુતાના, પાપભીરૂતાના અને એવા એવા અગત્યના ગુણો ઉપર ખાસ ધ્યાન ખેંચ્યું છે. ધર્મ યોગ્યતાના આદ્ય લક્ષણભૂત એ પાંત્રીશ ગુણોનાં નામો અહીં વિચારી જઈએ. ( વિશેષ રૂચિવાળાએ યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશના શ્લોક ૪૭–૫૬ પરનું વિવેચન જોઈ લેવું. ) આ અતિ અગત્યના વિષયને આપણા કીર્તિપાલનના સૌજન્ય સાથે બહુ નજીકનો સંબંધ છે તે પણ આપણે માર્ગાનુસારીના ગુણો વિચાર્યા પછી જોશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ધર્મરત્નને યોગ્ય પ્રાણી ન્યાયથી ધન મેળવે છે, ગેરવ્યાજબી રીતે કોઇને લુંટીને ધન એકઠું કરવાની ઇચ્છા રાખતો નથી. પ્રમાણિક વ્યવહાર આદ્ય સાધન છે અને તેની બહુ જરૂરીઆત શાસ્ત્રકાર વારંવાર બતાવે છે. ૨ સુંદર આચરણા કરનાર મહાપુરૂષોની પ્રશંસા કરનાર તે હોય છે. જેવા થવાની ભાવના હોય તેવા થયેલા પુરૂષોની બુઝ જાણી તેઓ માટે મનમાં માન થવાની ખાસ જરૂર છે અને આગળ વધવાનો તે રસ્તો છે. ૩ પોતાનાં કુળ અને શીળમાં સમાન પુરૂષો સાથે અને પોતાથી અન્ય ગોત્રવાળા સાથે વિવાહ સંબંધ જોડે છે. વિવાહ ગૃહસ્થ માટે અતિ અગત્યનો બનાવ છે અને તેમાં કુળ શીળની યોગ્યતા જોવાથી જીવન નિષ્ફળ થતું અટકે છે અને ધર્મમાં જોડાવાના પ્રસંગો સવિશેષ બને છે. ગોત્ર સંબંધી વિચારણા શારીરિક છે જે પણ બહુ ઉપયોગી અને જરૂરની છે. ૪ પાપથી ડરનાર હોય છે. ચોરી, છેતરપીંડી, વિશ્વાસઘાત વિગેરે વર્જ્ય પાપોના નામથીજ તેને ત્રાસ આવે છે, તેને જોઇને દૂરથીજ ડર લાગે છે અને તેને નજીકમાં ન આવવા દેવા નિર્ણય થાય છે. ૫ સુપ્રસિદ્ધ દેશાચારને તે આચરે છે. જે સમાજમાં ઉત્પન્ન થયેલ હોય, જે લોકોની સાથે સંબંધ હોય તેઓના આચારો આદરી તેઓ સાથે રહે છે અને તેમાં કોઈ બાબતમાં સુધારો કરાવવા પ્રેરણા થાય તો સમજાવીને યોગ્ય રીતે કામ લે છે, પણ ધમાલ કરી સમાજથી દૂર થાય તેવી આચરણા કરતો નથી. એવું વર્તન કરવાથી ચિત્તમાં શાંતિ રહે છે અને ધમાલ કરનાર-દેશકાળ સમજ્યા વગર આગળ વધનાર પોતે પાછો હઠે છે અને સમાજને કોઇ પ્રકારનો લાભ આપી શકતા નથી. ૬ કોઇની નિંદા ના કરનાર અને ખાસ કરીને રાજાદિના વિશેષે કરીને અવર્ણવાદ નહિ બોલનાર તે હોય છે. નિંદામાં લાભ નથી તે પ્રકટ છે અને રાજાદિના અવર્ણવાદ બોલવાનું કેવું માઠું પરિણામ આવે છે તે હિંદુસ્તાનનો છેલ્લા દશ વરસનો ઇતિહાસ વિચારવાથી જણાય તેમ છે. ૭ અતિ વ્યક્ત અને અતિ ગુપ્ત સ્થાનમાં ન રહેવું. આ વ્યવહારૂ સૂચનારૂપ ગુણ છે. અતિ વ્યક્ત સ્થાનથી ગુપ્ત વાત પ્રસિદ્ધ થાય છે અને ચૌરાદિથી ભય રહે છે. ગુપ્ત સ્થાનમાં રહેવાથી અગ્નિ વિગેરેના ભય વખતે મદદ મળતી નથી. ૮ સત્સંગી હોય છે. સૌજન્યના નવમા વિષયમાં આ સંબંધે વિવેચન થઈ ગયું છે. સારી સોબતની અસર બહુ થાય છે તે સુપ્રસિદ્ધ છે. ૯ માતાપિતાદિ વડીલની પૂજા કરનાર હોય છે. જેઓ પોતાના ઉપકારી વડીલને માન આપે છે તેને ગુણની કિંમત હોય છે અને ઉપકારનો બદલો વાળવાની જિજ્ઞાસા હોય છે. એવા કૃતજ્ઞપણાની બહુ જરૂર છે, કારણ તે વગર પ્રાણી સ્વરૂપ વિચારણા કરતો હોય એમ ધારવું બહુ મુશ્કેલ પડે છે. ૧૦ ભયવાળા સ્થાનને વર્જે છે. માણસે નિષ્કારણ જોખમ ખેડવાની જરૂર નથી, જ્યાં લડાઈ, મહામારી આદિ ચાલતા હોય ત્યાં કારણ વગર રહે-

For Private And Personal Use Only

વાંથી અનેક પ્રકારની આપત્તિ આવી પડવાનો ભય ઉભો થાય છે, અને સારી કીર્તિ અનુકૂળતાઓ એકદમ નાશ પામી જાય છે. ૧૧ નિંદ્ય કામ કરતો નથી. પોતાના સમાજને જે કાર્ય ઇષ્ટ ન હોય તે કરવું નહિ; સ્વજનમાં હાંસી થાય અને કોઇ પ્રકારનો ખાસ લાભ મળે નહિ એવી વિષાદગ્રસ્ત સ્થિતિ ઉત્પન્ન કરવાથી જીવન નકામું થઈ જાય છે અને મનમાં બહુ ખેદ થાય છે. ૧૨ આવકના પ્રમાણમાં ખર્ચ રાખનાર તે હોય છે. આ ઘણી વ્યવહારૂ સૂચના છે. ખરચનું પ્રમાણ વધી જવાથી વ્યવહાર બંધ થાય છે અને બહુ દુઃખ થાય છે. કમાણીના પ્રમાણમાં કાંઇક દ્રવ્ય ખરચમાં, કાંઇક પરોપકારમાં અને કાંઇક ભવિષ્યની અનેક ઉપાધિઓને પહોંચી વળવા જાળવી રાખવું ઉચિત છે. આ ગુણથી બહુ વ્યવહારૂપણું બતાવવામાં આવ્યું છે. ૧૩ પોતાનાં ધન, દેશ, કાળ, જાતિ અનુસાર યોગ્ય વેશ પહેરે છે. અતિ પ્રગલ્ભપણે પહેરવેશ પહેરનાર અથવા અતિ દીન દશા દેખાડનાર હાસ્યને પામે છે. વ્યવહાર કુશળ મનુષ્યે સ્વજાતિમાં નકામી હાંસી કરાવવી ઉચિત નથી. કપડાં જેવી બાબતમાં પણ ખાસ ચોક્કસ રહેવાની બહુ જરૂર છે. ૧૪ બુદ્ધિથી કામ કરનાર તે હોય છે. ગમે તે કાર્ય કરે તે કામનો વિસ્તાર, તેનો લાભ અને તેથી હાનિ—એ સર્વની બરાબર તુલના કરી—યોગ્ય વિચાર કરી કોઇપણ કાર્ય હાથ ધરે છે. બુદ્ધિપૂર્વક વિચારણા કરવાથી અને લાંબી નજર પહોંચાડી કાર્યનો આદર કરવાથી બહુ લાભ થાય છે, નકામો પ્રયાસ થતો અટકે છે અને વ્યવહાર જાળવી શકાય છે. ૧૫ ધર્મ સાંભળવાની રૂચિવાળો તે નિરંતર રહે છે. એને ધર્મની કથામાં, વિચારમાં, વાતોમાં—ધર્મને લગતી કોઇપણ બાબત સાંભળવામાં કે તેની વાત કરવામાં બહુ રસ આવે છે. પ્રગતિ કરવાની ઇચ્છાવાળાએ ધર્મને પોતાના જીવનનો ભાગ બનાવી દેવો જોઇએ અને તેનાપર એવી પ્રીતિ કરવી જોઇએ કે જ્યારે તે મળી આવે ત્યારે મનમાં બહુ આનંદ થાય. ૧૬ અજીર્ણ થયું હોય ત્યારે ભોજનનો ત્યાગ કરનાર હોયછે, 'અજીર્ણે ભોજનં વિષમ્' એ વાક્ય આપણે ઘણી વાર સાંભળીએ છીએ. આવા વ્યવહારૂપણાને પણ ગુણ તરીકે ગણવામાં બહુ વિચક્ષણતા વાપરી છે. અજીર્ણનો વધારો થતાં શરીરમાં અબાધા એટલી થઈ જાય છે કે વિશિષ્ટ પ્રવૃત્તિ બાજુએ રહી જાય છે અને મનમાં દુર્ધ્યાન ઉત્પન્ન થાય છે, આથી શરીરને [illegible] રાખવાની જરૂર ગુણમાં પ્રગતિ કરનાર સમજે છે. તેમાં તેનું સાધ્ય શરીરપોષણનું નથી પણ સાધ્ય પ્રાપ્તિ તરફ અસ્ખલિત ગમનનું છે. ૧૭ નિયમિતપણે ભોજન કરે છે. જઠરાગ્નિ પ્રદિપ્ત હોય ત્યારે નિયમિત વખતે ખાવું, આખો દિવસ ખાધા કરવું નહિ, ખાવામાં સર્વસ્વ માનવું નહિ, શરીર નિર્વાહ પૂરતું ભોજન વખતે ખાવું; ભોજનના નિયમો જાળવાથી શરીર સબોડામાં આવે છે અને [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીમાં સારી રીતે અસ્ખલિત પ્રવૃત્તિ થાય છે. ૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થોને એક બીજા સાથે વિરોધ ન આવે તેવી રીતે સાધનાર તે હોય છે. ધર્મ એ મોક્ષનું પ્રબળ સાધન છે, વ્યવહારમાં અર્થની જરૂર પડે છે અને ઇંદ્રિય તૃપ્તિ કામથી થાય છે-આ ત્રણેને યોગ્ય કાળે અને યોગ્ય રીતે સાધે છે. જે હજુ ત્યાગની અવસ્થા સુધી પહોંચેલ નથી, છતાં અર્થ અને કામમાં પણ આત્મ નિયમન એવું સુંદર રાખે છે કે તેનો ધર્મ સાથે વિરોધ ન થાય. આવી જાતનું કુશળપણું યોગ્ય વિચારણા અને અન્વેષણ બુદ્ધિથી પ્રાપ્ત થાય છે. ગૃહસ્થ તરીકે પોતાની ફરજ વિચારવી, સાધ્ય લક્ષ્યમાં રાખવું અને વ્યવહાર સંભાળીને કામ લેવું એ બુદ્ધિ ચાતુર્યથી બની શકે તેવી બાબત છે. ૧૯ સાધુ, અતિથિ અને દીનની ઉચિત ભક્તિ કરનાર તે હોય છે. સાધુની પવિત્રતાને અંગે, અતિથિ તરફની ગૃહસ્થ તરીકેની ફરજને અંગે અને દીન તરફ સહાનુભૂતિ દર્શાવવાની જરૂરને અંગે યોગ્ય ચર્ચા કરવામાં આવે તો તે માર્ગમાં પ્રગતિ કરાવે છે. ૨૦. અભિનિવેશ રહિત હોય છે. એને મારા તારાનો બહુ કદાગ્રહ હોતો નથી અને સમજ્યા વગર ગોટા વાળવાની પદ્ધતિ હોતી નથી. અભિમાનની તેનામાં હાજરી હોતી નથી. ૨૧ ગુણ તરફ-ગુણી તરફ તેના ગુણને અંગે ખાસ પક્ષપાત હોય છે. જ્યાં ગુણ જુએ ત્યાં આ ગુણપ્રાપ્તિમાં પ્રવૃત્ત જીવ રાજી થઈ જાય છે. ગુણીને જોઇ તેને રોમાંચ થાય છે અને તેને જાણે શું કરી નાંખું એવી વૃત્તિ થાય છે. ૨૨ નિષિદ્ધ દેશ અને કાળને યોગ્ય ચર્યા કરતો નથી. વખત વિચાર્યો વગર અને દેશ સ્થિતિ જાણ્યા વગર કોઈ ક્રિયા કરવામાં લાભ નથી, દેશકાળ સમજવાની બહુ જરૂર છે. એ બાબતમાં બેદરકાર રહેનાર બહુ હાનિ પામે છે, કષ્ટમાં આવી પડે છે અને કોઇવાર પ્રાણાંત ભયમાં આવી જાય છે. ૨૩ પોતાની અને પારકાની શક્તિની બરાબર તુલના કરનાર તે હોય છે. કોઈપણ કાર્ય આદરે, યોજના શરૂ કરે કે વ્યવહાર જોડે તે સર્વમાં તે બરાબર ગણતરી ગણીને પોતાની અને સામાની શક્તિ કેટલી છે તેનો હિસાબ કરે છે અને પછીજ કામ ઉપાડે છે. પોતાની શકિત વગરનું કામ છેવટ સુધી પહોંચાડી શકાતું નથી અને આદરેલ કાર્ય અરધું મૂકી દેવાથી મહાન્ હાનિ થાય છે અને કરેલ અર્ધ પ્રયત્ન નિષ્ફળ થવાથી ધનને સમયનો વ્યય નકામો થાય છે. તેથીજ કોઇ કામ કરવામાં પોતાની શક્તિ કેટલી છે તે સમજવાની બહુ જરૂર છે. શકિતથી વધારે બોજો ઉપાડવામાં લાભ નથી તેમજ શક્તિને છુપાવવામાં પણ સાર નથી. ૨૪ વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધ પુરૂષોને માન આપે છે. ત્યાગ ધર્મ આદરનારને આ પ્રમાણે માન આપવાથી વ્રતપર રૂચિ થાય છે અને સાધ્યનું નિર્મળ દર્શન થાય છે. આદર્શ જીવન વહન કરનારને વારંવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન આપવાથી ભાવના નિર્મળ થાય છે અને સાધ્ય તરફ પ્રયાણ થાય છે. આગળ પર પ્રયાણ કરનારને અંતિમ પ્રાપ્તવ્ય લક્ષ્યમાં રાખવા સારૂ વ્રતધારી અને જ્ઞાની તરફ આવી વૃત્તિ રાખવાની બહુ આવશ્યકતા છે. ૨૫. સ્ત્રી, પુત્રપુત્રી, સેવક આદિ જેની પોષણા કરવાની પોતાને માથે ફરજ હોય તેની બરાબર પોષણા કરનાર તે હોય છે. જેનો આધાર પોતા ઉપર હોય તેના તરફ બરાબર ધ્યાન આપી તેઓને જરૂરની બાબતો ઓછી ન પડે, તેઓ પોતાની બેદરકારીથી પીડાયા વગરના ન રહે, એની સંભાળ રાખવી એ પોતાની ફરજનો ખ્યાલ સૂચવે છે અને ભવિષ્યમાં આત્મા તરફ કેવી ફરજ બજાવવાની છે તેની કાળજી રાખવાની શરૂઆત કરવાનું તે શીખવે છે. ૨૬. તે દીર્ઘદર્શી હોય છે, એટલે કોઇપણ કાર્ય કરે તેનું તાત્કાળિક ફળ કેવું થશે તે વિચારવા ઉપરાંત લાંબે કાળે તેની અસર શું થશે તે પણ બરાબર વિચારે છે, કોઇપણ કાર્યના લાભાલાભની બરાબર તુલના કરે છે અને સમજણ પૂર્વક વિચારણા કરીને તેનો આદર કરે છે. પોતાની સમાજને અંગે ઉપસ્થિત થતી ફરજોનો બરોબર ખ્યાલ કરીને સુંદર નિર્ણય ઉપર આવે છે અને પોતાના તાત્કાળિક વખાણ થાય એવાં કાર્યને તે આદરી દેતો નથી. આ ગુણ બહુ વિચારણાનું ક્ષેત્ર પૂરૂં પાડે છે. ૨૭. તે વિશેષજ્ઞ હોય છે. એટલે પોતામાં ખાસ ગુણો કયા છે, દોષો કયા છે તેની બરાબર તપાસ કરનાર અને તેને સમજનાર હોય છે. પોતાનું સર્વ સારૂં એવી ક્ષુદ્ર બુદ્ધિ તેનામાં હોતી નથી. પોતાની અને મહા સત્ત્વોની વચ્ચે તફાવત કેટલો છે તે બરાબર સમજે છે અને સમજીને યોગ્ય આચરણ કરે છે. ૨૮. તે કૃતજ્ઞ હોય છે, એટલે કોઇએ તેના ઉપર ઉપકાર કર્યો હોય તે સમજનાર અને તેનો બદલો વાળવાની ઇચ્છાવાળો હોય છે. ઘણા પ્રાણીઓ ઉપકાર કરાવવાની ગરજવાળા હોય છે ત્યાંસુધી તો બહુ ભાવ ઉચ્ચારણે રાખે છે પણ કામ થઇ ગયા પછી ગુણ વિસરી જાય છે અને સામા થઇ જાય છે તથા ગુણને વિસારી મૂકે છે—એવો કૃતઘ્ન તે હોતો નથી. કરેલા ગુણ ભૂલી જનારને કૃતઘ્ન કહેવામાં આવે છે. ૨૯. તે લોકવલ્લભ હોય છે, એટલે સુંદર ગુણોથી લોકોની પ્રીતિ તે સંપાદન કરે છે. ધર્મીષ્ટનું નામ ધારણ કરીને નિંદ્ય કાર્ય કરનાર લોકોમાં અપ્રીતિ પામે છે અને ધર્મને વગોવે છે. આ પ્રાણી તો જે આબરૂ પોતે મેળવેલ હોય છે તેને બહુ સારી રીતે જાળવી રાખે છે અને તેથી કુદરતી રીતે લોકોનો પ્રેમ પોતા તરફ ખેંચી લે છે. સદ્ગુણની પ્રક્રિયામાં અન્યને જોડવાના સાધન તરીકે લોકવલ્લભપણું અતિ ઉપયોગી છે અને અન્ય ઉપર ઉપકાર કરવાનું તે સાધન પૂરૂં પાડે છે. ૩૦ તે લજ્જાવાળો હોય છે, એટલે એને લોકલાજ એટલી હોય છે કે પ્રાણ જાય તોપણ આદરેલ સદ્ગુણને ત્યજતો નથી, સત્પ્રતિજ્ઞાને મજબૂત રખાવનાર લજ્જાળુપણાને તજી જેણે પોતે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણું ધારણ કરે છે તે વ્યવહારમાં ટકી શકતા નથી અને અંતે ગુણથી ભ્રષ્ટ થાય છે. આ ૨૯ અને ૩૦ બન્ને ગુણોને આપણા ચાલુ સૌજન્યના વિષયની સાથે બહુ લાગતું વળગતું છે તે વિચાર કરવાથી જણાશે. સમાજનો અંકુશ કેવું સુંદર કામ કરે છે તે ખાસ વિચારવા યોગ્ય છે અને અત્યંત વિચારશીળ શાસ્ત્રકાર તે બરાબર જોઈ શક્યા છે તે આવા ગુણોથી ખાસ જણાઇ આવે છે. ૩૧. તે દયાવાળો હોય છે, એટલે એને અન્ય દુઃખી પ્રાણી જોઇને તેના ઉપર દયા આવે છે, તેનું દુઃખ દૂર કરવાની યોજના કરવાની તેને પ્રેરણા થાય છે અને પરના દુઃખમાટે તેને એટલું બધું લાગે છે કે પોતે જાણે અન્યના દુઃખમાં ભાગ લેતો હોય એવી રીતે તેની સાથે એકમેક થઈ જાય છે. બારમા સૌજન્યમાં હવે પછી આ વિષયપર વિસ્તારથી વિચારણા કરવાની છે તે પ્રસંગે આ વિષયની મહત્તા બરાબર સમજાશે. ૩૨. તે સૌમ્ય હોય છે, એટલે એની આકૃતિજ એવી નિર્ભય હોય છે કે એને જોતાં, એની સાથે વાત કરતાં, એની સાથે કામ પાડતાં લોકો એક જાતનું નિર્ભયપણું માને છે. શાંતિ રાખનાર સૌમ્ય પ્રકૃતિવાળાને બહુ લાભ શરૂઆતથીજ થાય છે અને તે ઉચિત છે એમ કહેવામાં જરા પણ શંકા આવતી નથી. ૩૩. પરોપકાર કરવાની ઈચ્છાવાળો તે હોય છે. તેને મનમાં નિરંતર એમ રહે છે કે પોતે જેટલો વૈભવ ભોગવે છે તેમાં કાંઇ સાર નથી, તે તો પોતાની પુંજી વાપરી ખાવા જેવું છે. જેટલો બને તેટલો પારકાનો ઉપકાર થાય, અન્યનું ભલું થાય તે ખાસ કર્તવ્ય છે. આ મનુષ્યજીવનમાં પોતાનું પેટ ભરવું કે પોતાના સ્ત્રીપુત્રને શણગારવા એ તો સર્વ કરે છે, એમાં કાંઇ વિશેષતા નથી અને પોતાના સંયોગોનો તેમાં કાંઈ ખાસ લાભ લેવાતો નથી. તેથી જેટલો બને તેટલો પરોપકાર થાય એજ ખાસ કર્તવ્ય છે. એમ કરવાથી પ્રાણીને મનમાં જે સંતોષ થાય છે–આનંદ થાય છે તે અનિર્વચનીય છે. સ્વઉદરપોષણ એ કાકવૃત્તિ છે, પરોપકાર સંતપણાને યોગ્ય છે અને આ ભવમાં પોતાના સંયોગાનુસાર જેટલો બને તેટલો તે કર્તવ્ય છે. ધનથી, વિચાર દર્શનથી, ભાષણથી, જાહેર હિતના કાર્યમાં ભાગ લેવાથી, પુસ્તક લેખનથી, શુદ્ધ ઉપદેશ આપવાથી અને બીજી અનેક રીતે ઉપકાર બની શકે તેમ છે. પોતાની અનુકૂળતા અને સંયોગોનો જેમ બને તેમ પરના હિત માટે બદલાની આશા રાખ્યા વગર–માનપ્રતિષ્ઠાની ઈચ્છા વગર ઉપયોગ કરવો. કીર્તિપાલનના સૌજન્યને અને માનપ્રતિષ્ઠાની ઈચ્છાના અભાવને વિરોધ નથી એ હવે પછી સ્પષ્ટ કરવામાં આવશે. ૩૪ ષડ્‌રિપુ ઉપર તે સામ્રાજ્ય મેળવે છે, એટલે પોતાની જાતના અથવા આત્માના જે છ મોટા શત્રુઓ છે અને જે સંસારમાં અધઃપાત કરાવે છે તેના પર તે વિજય મેળવે છે, એટલે તેને જેમ બને તેમ વધારે અંકુશ તળે લાવવા યત્ન કરે છે. વિષય સેવવાની ઇચ્છાને **કામ** કહેવામાં

For Private And Personal Use Only

આવે છે; અન્ય ઉપર કોપ થાય તે ક્રોધ—એમાં પરિણામની વિચારણા બહુ થોડી રહે છે. પારકી વસ્તુની હક વગર સ્પૃહા કરવી, ઉચિતને વસ્તુ છતાં દાન ન દેવું અને સંગ્રહ કરવાની બુદ્ધિ રાખ્યા કરવી તે લોભ; પોતાની વાત પકડી રાખવી, સત્ય સમજવા યત્ન ન કરવો અને કદાગ્રહી થવું તે માન; પોતાના ધન, ઐશ્વર્ય, કુળ, વિદ્યા, કે બીજા અનુકુળ સંયોગોનો અહંકાર કરવો, તેવા સંયોગોવાળા ન હોય તેનો તિરસ્કાર કરવો તે મદ; પોતાની વસ્તુપર કે પૌદ્ગલિક પદાર્થ પર રાજી થવું તે હર્ષ; આ છ શત્રુઓ છે, પ્રાણીને મહા ત્રાસ આપનાર છે, સંસારમાં રખડાવનાર છે. એના પર જેમ બને તેમ વિજય મેળવવામાં મનુષ્યભવનું સાફલ્ય છે. ૩૫. તે ઇંદ્રિયોને વશ કરનાર હોય છે, એટલેસ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિયના અનેક વિષયોમાં લુબ્ધ ન થતાં તે પર વિજય મેળવવા પ્રયત્ન કરે છે અને બને તેટલો તેનાપરના આસક્તિભાવથી દૂર રહે છે. આવી રીતે માર્ગાનુસારીનાં પાંત્રીશ ગુણો શાસ્ત્રકારે બતાવ્યા છે. એનાથી અનેક ગુણોની પરંપરા ચાલે છે. તે આ ગુણોપર વિશેષ વિચાર કરવાથી જણાશે. કેટલાક ગુણો બાહ્ય રીતે બહુ ઉપયોગી છે અને કેટલાક અંતરંગ ઉપયોગી છે.

આવા પ્રકારના સદ્ગુણો અથવા વર્તનના નિયમો અમલમાં મૂકવાથી લોકોમાં એક પ્રકારની કીર્ત્તિ બંધાય છે અને તેને જાળવી રાખવા માટે સજ્જનોએ પ્રયત્ન કરવો જોઇએ એ અત્ર વક્તવ્ય છે. ઓગણત્રીશમો વર્તનનો નિયમ લોકવલ્લભ થવાનો બતાવ્યો છે અને ત્રીશમો નિયમ સત્પ્રતિજ્ઞત્વનો ઉપર બતાવ્યો છે તે કરેલ નિયમોને દૃઢપણે જાળવી રાખવાનું અને તેને વળગી રહેવાનું સૂચવે છે અને તે નિયમ બહુ સુંદર છે. એનું કારણ વિચારવા યોગ્ય છે. સારા વર્તનને વર્તનની ખાતર વળગી રહેવાની ટેવ પડે તે તો બહુ સુંદર છે અને તે સાધ્ય છે, પરંતુ એવી સ્થિતિ અંતરંગ મનોરાજ્યને અંગે પ્રાપ્ત કરતાં પહેલાં તેનાપર બહુ અંકુશ મેળવવાની જરૂર પડે છે. પ્રાણીને વિચાર કરવાની જરૂર છે કે પોતે વિશુદ્ધ રીતે આત્મિક ગુણ વધારવાને અને સાધ્ય પ્રાપ્ત કરવાને બંધાયેલો છે. પોતાનું સાધ્ય પ્રાપ્ત કરવા માટે જે જે વિશુદ્ધ વર્તન અને વ્યવહારના નિયમો આદરવા યોગ્ય હોય તેને પાળવાની પોતાની ફરજ છે. તે સંબંધી લોકોમાં કીર્ત્તિ થાય છે કે નહિ એ જોવાનું પોતાનું કામ નથી. અન્ય પ્રાણી તેના વખાણ કરો કે નિંદા કરો તેની દરકાર કર્યા વગર સજ્જન પુરૂષો વિશુદ્ધ આચરણ કરે છે અને તેને વિશુદ્ધ આચરણ પર આત્મભાવે એવો પ્રેમ થઈ આવે છે કે અન્ય તે સંબંધી શું ધારતા હશે કે તેને માટે શું બોલતા હશે તે પર ધ્યાન આપવાનો ખ્યાલજ તેને રહેતો નથી. તે તો પોતાના મનમાં સમજે છે કે લોકકીર્ત્તિ કે બીજી કોઈ પ્રકારની ઇચ્છા રાખ્યા વગર વિશુદ્ધ વર્તન કરવાની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની ફરજ છે અને તેદ્વારાજ તેને સાધ્ય પ્રાપ્તિ થવાની છે. લોકકીર્ત્તિ કે સ્વજનસ્તુતિની તેને દરકાર રહેતી નથી, કારણ કે તે સમજે છે કે લોકો અમુક વર્તનનો ગમે તેવો ખ્યાલ કરે તેની સાથે પોતાને કાંઈ લેવા દેવા નથી, લોકસ્તુતિથી પોતાનું કામ કાંઈ સુધરતું નથી અને સાધ્ય નજીક આવતું નથી; તેમજ લોકો સ્તુતિ કરે કે નિંદા કરે પણ તે સઘળા અહીં બેસી રહેવાના નથી, તેમજ પોતે પણ અહીંથી અમુક પાઠ ભજવી અમુક વરસો રહી ચાલ્યો જવાનો છે.

એવા પ્રકારની વિચારણા આગળ પ્રગતિ કરતાં થાય છે, પરંતુ ત્યાં સુધી વર્તનને અંગે સમાજનો અંકુશ આ પ્રાણી ઉપર બહુ અસર કરે છે. વ્યવહારૂ અવસ્થામાં પોતે જે વર્તુળમાં ફરતો હોય છે તેના મતની વર્તન ઉપર બહુ અસર થાય છે. દુનિયાના ઘણાખરા પ્રાણીઓમાં એક નબળાઈનું તત્ત્વ છે અને તે એ છે કે પોતાના સંબંધીઓ પોતા માટે સારૂં બોલે તે સાંભળીને તે રાજી થાય છે. કુકર્મ કરવામાં બહુ નીચી હદ સુધી ઉતરી જઇ તદ્દન લાજમર્યાદા મૂકી દેનાર અધમ મનુષ્યની વાત બાજુ ઉપર રાખીએ તો બાકીના મોટા ભાગના પ્રાણીઓ પોતાની કિંમત સંબંધીઓમાં ઘટી ન જાય તેને માટે બહુ સંભાળ રાખતા જોવામાં આવે છે અને તેથી કદાચ કોઇ વખત ખરાબ વર્તન કરવાની તેની ઈચ્છા થઈ આવે તોપણ તે અતિ ગુપ્તપણે લોકો અથવા બરાબર કહીએ તો તેના સંબંધીઓ ન જાણે તેવી રીતે કરે છે. મનુષ્યસ્વભાવનો આ આવિર્ભાવ બરાબર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. એ ઉચિત છે કે અનુચિત છે તે વર્તનને અંગે પ્રગતિનો વિષય છે, તેની સારાસારતા પર વિચાર કરવાને બદલે આપણે એ આવિર્ભાવથી જેટલો બને તેટલો આત્મપ્રગતિનો લાભ મેળવવા યત્ન કરીએ.

સમાજનો અંકુશ કેટલું કામ કરે છે તેના દાખલાઓ વિચારીએ. નાના ગામોમાં પોતાનું ખરાબ દેખાશે એવી વિચારણાથી અમુક દુર્ગુણ ન સેવનાર મોટા શહેરમાં જાય છે ત્યારે કેવા ફરી જાય છે તે જોવા જેવું છે. નાના શહેરમાં વર્તન ગુપ્ત રાખવાની જેવી મુશ્કેલી હોય છે તેવી મોટા શહેરમાં હોતી નથી અને તેથી માત્ર બાહ્ય દેખાવ જાળવી રાખવા ખાતરજ જેઓ વર્તન કરતા હોય તેઓ પોતાના ઇંદ્રિય અશ્વો મોટા શહેરમાં છુટા મૂકી દે છે. એવીજ રીતે પરદેશમાં ગમન કરનાર જેઓ આત્મજ્ઞાન વગરના હોય છે અને વિશુદ્ધ વર્તનના નિયમનમાં આવ્યા હોતા નથી અથવા ચારિત્ર બંધારણના યોગ્ય ખ્યાલ વગરના હોય છે તેઓ અનેક રીતે વિષયાદિમાં પડી જઇ ધન આબરૂ અને જીવનનો ક્ષય કરી આત્મનિપાત કરાવતાં જોવામાં આવે છે. જે કોમમાં પરભવ સંબંધી વિશેષ ખ્યાલ હોતો નથી તેઓ પ્રમાણિક થવા કરતાં પ્રમાણિક હોવાનો દેખાવ કેટલો કરે છે તે અવલોકન કરવા જેવું છે. વ્યવહાર તો જગતમાં સાચાને નામેજ ચાલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, દુકાનપરનું પાટિયું તો 'એકજ ભાવ' નું મંડાય છે; કોઈપણ વ્યાપારી એમ જણાવતો નથી કે અહીં અપ્રમાણિક રીતે ભાવ લેવાય દેવાય છે, કારણકે અધમ, નિર્માલ્ય, લુચ્ચાઓને પણ સત્યના શુભ નામ નીચે અને પ્રમાણિકપણાના બાહ્ય દેખાવથીજ રળી ખાવાનું હોય છે.

અપૂર્ણ.

# पुराणी वस्तुओनी शोधखोळ अने जैनोनी फरज.

ઉપરના મથાળાથી મી. વીન્સેન્ટ એ. સ્મીથ એમ. એ. એ કલકત્તામાં પ્રગટ થતા ધી મોડર્ન રીવ્યુ નામના ઇંગ્રેજી માસીકના એપ્રીલ સને ૧૯૧૫ ના અંકમાં (પાના ૫૧૯ થી ૫૨૨) એક લેખ લખ્યો છે, તે લેખનું ગુજરાતી ભાષાંતર જૈનધર્મની તવારિખના હિતચિંતકો તથા દ્રવ્યવાન જૈનોને ઉપયોગી ધારી અત્રે આપીએ છીએ. જૈનધર્મની તવારિખના સાચા જ્ઞાન માટે જૈનોએ છુટા છવાયા અવ્યવસ્થિત ઉપાયો છોડી દઈ કયા માર્ગે એકત્ર ઉપાય અને દ્રવ્યનો વ્યય કરવો જોઇએ તે આ વાંચ્યાથી જાણવામાં આવશે. એક પરધર્મી અને પરદેશી વિદ્વાનને જે લાગે છે તે જૈનોને અજ્ઞાનતાથી તથા ચાલુ જમાનાના ઉત્તમ સાધનોનો ઉપયોગ કરવાની ખામીથી તથા એક ઉત્તમ પુરાણવસ્તુશાસ્ત્રના ખાતાની ગેરહાજરીથી તેના સોસા ભાગે પણ લાગતું નથી તે પૂર્ણ ખેદની વાત છે. જે સાધનો આજ હયાત છે તે ૫૦ વરસ પછી નાશ પામશે. જૈનોના ઐતિહાસીક દાખલા બુદ્ધના દાખલા તરીકે મનાય અને જૈનો મુંગે મોઢે બેસી રહે તે વધારે નહી તો ધર્મ તરફ બેદરકારીપણું તો જણાવેજ છે. માટે આ લેખ વાંચી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આ કાર્ય તાબડતોબ ઉપાડી લેવું જોઈએ. શેઠ આણંદજી કલ્યાણજીના ટ્રસ્ટી સાહેબોએ એમ માનવું જોઈતું નથી કે આ કામ તેમનું નથી. તીર્થરક્ષાનું કામ તેમનુંજ છે અને તેઓ આ કામ ન કરે તો તેમની મોટામાં મોટી ભુલ છે. જૈનધર્મ પ્રસારક સભાના પ્રેસીડેન્ટ સાહેબ પોતાની બહોળી રોકાણ છતાં પોતાના બહોળા લાગવગને લીધે તથા શેઠ આણંદજી કલ્યાણજીના એક ટ્રસ્ટી તરીકે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી સાહેબોનું આ બાબત તરફ ધ્યાન ખેંચશે અને તેમની સાથે, મી. વીન્સેન્ટ સાથે, જુની વસ્તુઓની શોધખોળના સરકારી ખાતા સાથે, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ તથા જૈન યંગમેન્સ એસોસીએશન સાથે પત્ર વ્યવહાર ચલાવી એક પ્લાન નક્કી કરવા તસ્દી લેશે તો ઘણો ફાયદો થશે. મુંબઈના મહાન દેશહિતેષી નરરત્ન તાતાએ રાજગૃહી નગરીની શોધ ખોળ માટે સરકારના શોધખોળ ખાતાને વાર્ષિક વીશ હજાર રૂપીઆ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપે છે, તો જૈનો શ્રી મહાવીર ભગવાન તથા મહાન્ આચાર્યોની વિહારભૂમિઓના સ્થાન શોધવા પાછળ વાર્ષિક રૂપિયા એક લાખ ખરચે તો તે શું બહુ છે? આટલી પ્રસ્તાવના પછી મી. વીન્સેન્ટનો લેખ નીચે આપીએ છીએ અને તે દરેક જૈન સંસ્થા, સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા વાંચી, મનન કરી કાંઇ ચોકસ કાર્ય કરશે એવી આશા રાખીએ છીએ, પુરાણ વસ્તુ શાસ્ત્ર શું છે અને પ્રાચીન વસ્તુ માટેનું શોધખોળ ખાતું શું કરે છે તથા કરી શકે તે જૈનોની જાણ માટે હવેના અંકમાં લખીશું. આમાં કૌંસમાં લખાણ છે તે અમે ઉમેર્યું છે એમ સમજવું.

"તમામ જાતની હિંદુસ્થાનની વિદ્યાઓના બધા અભ્યાસીઓ થોડે અથવા ઘણે અંશે સંપૂર્ણ રીતે જાણે છે કે છેલ્લા ૭૦ અથવા ૮૦ વર્ષોમાં પુરાણી વસ્તુઓની શોધખોળે જ્ઞાનમાં ઘણો વધારો કર્યો છે. પુસ્તકોમાં લખેલી અથવા પરંપરાએ ચાલી આવતી દંતકથાઓનું ખરાખોટાપણું પુરાણી વસ્તુના શોધકોની શોધોથી પારખી તથા જાણી શકાયું છે અને ફક્ત આ શોધોના આધારેજ પ્રાચીન હીંદુસ્થાનનો ઇતિહાસ લખવાનું મારાથી બની શક્યું છે. આ શોધકોએ ઘણી મહેનતે પદ્ધતિસરના ખોદાણ કરી શોધી કાઢેલા જુના સીક્કા, શીલાલેખો, જુના મકાનો, ધર્મશાસ્ત્રો, ચિત્રકામો અને ઘણી જાતની બીજી પરચુરણ ચીજોના અવશેષ અભ્યાસને લીધે તથા તેની મદદથી આપણે જુના પુસ્તકોમાં લખેલી હીંદુસ્થાનના ઇતિહાસની જુજ હકીકતને વિસ્તારવાળી બનાવી શકયા છીએ, પ્રથમ જે જ્ઞાન અચોક્કસ હતું તેને ચોક્કસ બનાવી શકયા છીએ અને ક્રમવાર હકીકતો જાણવાનો પાકો પાયો શરૂ કરી શકયા છીએ.

" નહીં જાણવામાં આવેલા તથા નહીં શોધાયલા અને કિંમતી સાહિત્ય અને જ્ઞાનથી ભરપૂર મોટા અને ઘણા ભંડારો જૈનોના કબજામાં છે અને તે ભંડારો સુરક્ષીત છે. તેમના પુસ્તકો મુખ્યત્વે કરીને ઐતિહાસીક અને અર્ધ ઐતિહાસીક વિષયોથી ભરપૂર છે. તે પુસ્તકોની હકીકત ઘણીવાર ફેરફારવાળી અગર ભૂલવાળી જણાય છે, તેથી તે હકીકતની સચ્ચાઈ જુની વસ્તુઓની શોધના અભ્યાસને આધારે જાણવાની જરૂર છે.

## તવંગર જૈનોની ફરજ.

"જેમાં પોતાનો ઉત્સાહ તથા આદર હોય તેવા જાહેર કામોમાં પૂરતો પૈસો ખરચી શકે એવા બીજાના પ્રમાણમાં તવંગર માણસો જૈનોમાં ઘણા છે. મારૂં ભાષાજ્ઞાન સાહિત્યના ગ્રંથો તપાસી તૈયાર કરી શકું તેટલું નથી, તેથી જે વિષય હું સમજું છું તે વિષય સંબંધી થોડુંક લખવાની અને જો તે મુજબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તવામાં આવે તો ઘણા કિંમતી લાભ થાય એવી ચોક્કસ સૂચનાઓ કરવાની હું હિંમત કરૂં છું. મારી ઇચ્છા એવી છે કે જૈન કોમ અને મુખ્યત્વે કરીને પૈસા બચાવી ખરચી શકે તેવા તે કોમના પૈસાદાર ગ્રહસ્થોએ પુરાણી વસ્તુની શોધખોળના વિષયમાં ઉમંગથી ધ્યાન દોરવવું અને ખાસ કરીને પોતાના ધર્મ અને કોમના ઇતિહાસના વિષયની શોધખોળ માટે જોઇતો પૂરતો પૈસો ખરચવો.

## શોધખોળનો વિસ્તાર.

" શોધખોળનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. હાલ જૈનો રજપુતાના અને પશ્ચિમ હિંદુસ્થાનમાં માલમ પડે છે. પણ આ પ્રમાણે હંમેશ નહોતું. જુના વખતમાં શ્રીમહાવીર ( ભગવાન ) ના અનુયાયીઓ હાલ કરતાં મોટા વિસ્તારમાં ફેલાયલા હતા. દાખલા તરીકે ઇસ્વીસનના સાતમા સૈકામાં ( બીહારમાં આવેલા પટનાની ઉત્તરે આવેલા ) વૈશાળીમાં તથા પૂર્વ બંગાળામાં જૈનો ઘણા હતા. જ્યાં હાલ કોઇકજ જૈન રડ્યો ખડ્યો નજરે પડે છે. મધ્યકાળમાં અને ખાસ કરીને ઇસ્વીસનના ૧૧ મા અને ૧૨ મા સૈકામાં બુંદેલખંડમાં જૈનો ઘણા હતા, એવા ઘણા પુરાવા મેં જાતે જોયેલા છે. તે દેશમાં જ્યાં હાલ એક પણ જૈન કદી જોવામાં આવતો નથી ત્યાં હાલ પણ ઘણી જૈન પ્રતિમાઓ છે. બુંદેલખંડની દક્ષિણે, દક્ષિણ દેશમાં અને તામીલમાં જ્યાં જૈન નામ પણ હાલ કોઇ જાણતું નથી ત્યાં સેંકડો વર્ષો સુધી જૈનધર્મ એક મોટી અને રાજકીય સત્તારૂપ હતો ( એટલે ઘણા રાજાઓ લાગટ ઘણા કાળ સુધી જૈનધર્મી હતા. )

## ચંદ્રગુપ્ત મૌર્ય વિષેની દંતકથા.

" ઉપર જે ટુંકી હકીકત લખી છે તે ઉપરથી શોધખોળનું ક્ષેત્ર કેટલું વિશાળ છે તે જણાશે. ચંદ્રગુપ્ત મૌર્ય મહારાજા ( શ્રી ) ભદ્રબાહુ ( સ્વામી ) ની સાથે ( દક્ષિણમાં ) શ્રવણ બેલગોલ ગયા અને ત્યાં અનસન કર્યું એવી જે દંતકથા જૈનોમાં છે તે હકીકતના ખરાપણાને લગતા ઉપયોગી વિષયની તજવીજ કરવાની મારી ખાસ ભલામણ છે. તમારા પૈકીના કેટલાક જાણો છો કે આ સવાલના સંબંધમાં મી. લેવીસ રાઇસ અને ડોકટર ફ્લીટની વચ્ચે તીવ્ર તકરાર ચાલે છે. હવે કોઇ જૈન વિદ્વાને બહાર આવી જૈન દૃષ્ટિથી આ વિષય ચર્ચવાની જરૂર છે. પણ આ ચર્ચા કરવાને ખરા વિદ્વાનની જરૂર છે અને ચર્ચા પૂર્ણ જ્ઞાનપૂર્વક થવી જોઇએ. દુનિઆના હાલના વિદ્વાનો શુદ્ધ ન્યાયપુરઃસર હકીકતનું ચોક્કસપણું અમુક તકરારી વિષયના નિર્ણય માટે માગે છે. ( તે વિના અધર વાતો કર્યાથી તેમની ખાત્રી થતી નથી. )

## દક્ષિણ હિંદુસ્થાનમાં ધર્મોના ઝઘડા.

" હિંદુસ્થાનના ઘણા ભાગોમાં એક વખત જૈનધર્મ ફેલાયેલો હતો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વોપરી હતો. તેની પડતીના કારણોનો વિષય ખાસ તજવીજ કરવા લાયક છે અને વિદ્વાન્ જૈનોને આ વિષય રસમય લાગે તેવો છે. દક્ષિણ હિંદુસ્થાનમાં ધર્મોના ઝઘડા સંબંધીના સંકલિત વિષયનો અને ખાસ કરીને ચોલાના શિવધર્મ અને અસલના રાજાઓના જૈનધર્મ વચ્ચેની તકરાર સંબંધી હકીકતનો બહુજ થોડો અભ્યાસ થયો છે અને તે ઉપર બહુજ થોડું ધ્યાન અત્યાર સુધી આપવામાં આવ્યું છે.

## અભ્યાસ કરવા લાયક કેટલાક ગ્રંથો.

"આ અને આવા બીજા સવાલોની ખરી તજવીજ કરવામાં બીજા આધારોની સાથે જૈનપ્રતિમા, શીલાલેખો અને કીર્તિસ્થંભોના સંગ્રહ તથા અભ્યાસની જરૂર છે. આવા ઘણા કીર્તિસ્થંભો જમીનમાં દટાયલા પડ્યા છે અને તે બહાર કાઢવાને પુરાણ વસ્તુ શાસ્ત્રજ્ઞ હોંશીઆર ખોદનારની કોદાળીની જરૂર છે. જેઓ પ્રખ્યાત પુરાણી જૈન અવશેષ વસ્તુઓના અભ્યાસી થવા ઇચ્છતા હોય તેમણે પુરાણા ચીના મુસાફર અને તેમાં પણ મુખ્યત્વે કરી ઈસ્વીસનના સાતમાં સૈકામા હિંદુસ્તાનમાં મુસાફરી કરનાર અને આજ જેનું નામ નીશાન પણ જાણવામાં નથી તેવા ઘણા જૈનસ્થંભોની હકીકત નોંધી લેનાર ચીના યાત્રાળુ અને બૌધ સાધુ હુએનસંગના લખાણ જાણવા જોઈએ. પુરાણી વસ્તુના દરેક શોધકને હુએનસંગની મુસાફરીનું પુસ્તક એક જરૂરના ભોમિયારૂપ છે. હું જાણું છું કે જે જૈન વિદ્વાન આ ગ્રંથોનો ઉપયોગ કરવા માગતા હોય તેમને જો ચીનાઇ ભાષા ન આવડતી હોય તો ઇંગ્રેજી કે ફ્રેંચ ભાષાનું જ્ઞાન તો હોવુંજ જોઇએ. પણ આ જમાનામાં ઘણા જૈનો જેઓને પોતાના ધર્મ પુસ્તકોનું જ્ઞાન છે તેઓ આ પુસ્તકોના અભ્યાસને મદદગાર થઈ પડે તેટલે અંશે સારી રીતે ઇંગ્રેજી ભાષા સમજી શકે છે અને જે કોમની પાસે પૂરતી વ્યવહારિક સંપત્તિ છે તેમને આ ગ્રંથોની કિંમતથી બીવાની તો જરૂરજ નથી. (જરૂર પડતા ગ્રંથોના ઈનામ આપીને ગુજરાતી ભાષાંતર કરાવવા જોઈએ. તથા આવા તમામ ગ્રંથો ખરીદી એક ઠેકાણે એકત્ર રાખી જૈન વિદ્વાનોને તે મફત વાપરવાની સગવડ કરી આપવી જોઇએ.)

## જૈન કીર્તિસ્થંભો, બુદ્ધના સ્થંભો તરીકે ગણવાની ભૂલ.

"કેટલાક દાખલાઓમાં જે સ્થંભો ખરેખરા જૈન સ્થંભો છે તેમને ભૂલ અને અજ્ઞાનતાથી બુદ્ધના સ્થંભો તરીકે વર્ણવવામાં આવ્યા છે. એક દંતકથા પ્રમાણે આશરે અઢાર સૈકા ઉપર મહારાજા કનિષ્કે બૌધસ્તુપને જૈનસ્તુપ તરીકે ગણવાની ભૂલ કરી હતી. અને જ્યારે કનિષ્કરાજા જેવા ચુસ્ત બૌધ આવી

For Private And Personal Use Only

ભૂલ કરે તો પછી હાલના પ્રાચીન વસ્તુશોધકો જૈન વસ્તુઓ અને કામોને બૌધની વસ્તુઓ અને કામો તરીકે ગણે તેમાં આશ્ચર્ય નથી. મારા મત પ્રમાણે સર અલેકઝાન્ડર કનીંગહામને જૈનો બુદ્ધોની પેઠે સ્તુપો બાંધતા હતા અને પવિત્ર સ્થંભો કરતા પથ્થરના કઠોડા કરતા હતા તેવું બીલકુલ ભાન પણ નહોતું. આવા જૈન કઠોડાને તે હમેશ બૌધોએ બાંધેલા કઠોડા તરીકે ગણતા અને જ્યારે જ્યારે કોઈ સ્તુપનું ખંડેર તેમના જોવામાં આવતું કે તે સ્તુપ બૌધોનો બાંધેલો છે એમ તે માની લેતા. જોકે મુંબઈના વિદ્વાન્ ભગવાનલાલ ઇંદ્રજીને જૈનો સ્તુપો કરતા એ વાતની ખબર હતી અને આ હકીકત તેઓએ છેક સને ૧૮૬૫ માં પ્રસિદ્ધ કરી હતી, છતાં તે પછી આશરે ત્રીશ વર્ષ સુધી એટલે ડોકટર બ્યુલ્હરે "મથુરાના જૈનસ્તુપની હકીકત" નામનો એક નીબંધ ઇસ્વી સને ૧૮૯૭માં પ્રસિદ્ધ કર્યો ત્યાંસુધી જૈનસ્તુપો શોધવા જોઇએ એવું પુરાણ-વસ્તુ શાસ્ત્રજ્ઞ વિદ્વાનો સાધારણ રીતે જરૂરનું ધારતા નહીં. સને ૧૯૦૧ માં પ્રસિદ્ધ કરેલા "મથુરાનો જૈન સ્તુપ અને બીજી પુરાણી વસ્તુઓ" નામના મારા પુસ્તકે બૌધોના જેવાજ જૈનોએ બાંધેલા સ્તુપો તથા ફરતા પથ્થરના કઠોડા એક વખત ઘણા હતા એ વાતથી તમામ વિદ્વાનોને વાકેફ કર્યા. મારા પુસ્તકમાં વર્ણવેલા મથુરાના જૈનસ્તુપનો અવ્યવસ્થિત ખોદાણને લીધે નાશ થયો છે. મારી ખાતરી છે કે હજી જૈનસ્તુપો ઘણા હશે અને શોધ કરવામાં આવે તો તે જડી આવશે. આવા જૈનસ્તુપો બીજી જગો કરતાં રજપુતાનામાં મળવાનો સંભવ વધારે છે.

## કોસાંબી નગરીનો સવાલ.

"અલહાબાદ જીલ્લામાં આવેલા કોસમ ગામના ખંડેરો કનીંગહામના કહેવા પ્રમાણે બૌધ સંબંધીના નથી પણ ઘણા ખરા જૈન અવશેષો છે એમ મને ઘણું સંભવીત લાગે છે. તે ગામ કંઈપણ શક વગર જૈનોની કોસાંબી નગરી છે અને જે જગો ઉપર જૈનમંદિરો છે તે મહાવીર સ્વામીના અનુયાયીઓનું હજુ સુધી યાત્રાસ્થળ છે. બૌધોની કોસાંબી એ આ જૈનોની કોસાંબીથી જુદીજ અને ભર-હુટની નજીક આવેલી છે એમ માનવાના મારા મજબુત કારણો મેં કહેલાં છે. સને ૧૮૯૮ના જુલાઈ માસના રૉયલ એશીયાટીક સોસાઇટીના ચોપાનીયામાં "કોસાંબી અને સાવથ્થી" વિષેનો મારો નીબંધ છપાયા પછી ડોકટર ફલીટે સને ૧૯૦૭ના તેજ ચોપાનીયાના પાને ૫૧૧ મે બતાવ્યું છે કે પાલીમાં કોસાંબીને વનકોસાંબીથી જુદી ગણી છે. મારા મત પ્રમાણે બૌધોની કોસાંબી તે વનકોસાંબી છે.

કોસમ ગામના ખંડેરોની શોધ અને અભ્યાસ કરવાની હું જૈનોને ભલા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણુ કરૂં છું. આ વિષય સંબંધીના ઘણા સવાલોનો નિર્ણય કરવાની જરૂરીઆત વિષે મેં ઉપર પુરતું વિવેચન કર્યું છે.

## જમીન ઉપરના સ્તંભોની તપાસ.

"જમીન ઉપરના જૈનસ્તંભો, મંદીરો, શિલાલેખો, સ્તુપો વિગેરેનું દરેકના બારીક અને ચોકસ વર્ણન સાથે કાળજીપૂર્વક બનાવેલું એક રજીસ્ટર તૈયાર કરવું જોઇએ અને જૈન ધર્મશાસ્ત્રો અને ચીના મુસાફરોએ લીધેલી નોંધો અને બીજા લેખકોનાં લખાણ સાથે તે રજીસ્ટરનો બારીક અભ્યાસ કરવો જોઇએ. આ રીતથી ઘણું કાર્ય થઈ શકશે. સંતોષકારક પરિણામ લાવવાને માટે જેઓ આ પ્રમાણે સ્તંભો વિગેરેની સરવે કરવાનું તથા વર્ણન સાથે રજીસ્ટર તૈયાર કરવાનું કામ માથે લે તેઓએ હાલના નકશાઓનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવો જોઇએ, આસપાસની જગ્યાઓનું ચોકસ વર્ણન આપવું જોઇએ અને ફોટોગ્રાફીનો છુટથી ઉપયોગ કરવો જોઇએ. ખોદકામ કર્યા વગર પણ જમીન ઉપરના સ્તંભો વિગેરેની સરવે જૈન ઇતિહાસ ઉપર અને વિશેષે કરીને જ્યાં એક વખતે જૈનોના ટોળે ટોળા હતા તે ભાગોમાં જૈનધર્મની પડતી થવાનાં કારણો ઉપર ઘણું અજવાળું પાડી શકશે.

## જૈન ગ્રંથ કોષ.

"આ વિષયની તજવીજ કરનારને ફ્રેંચ વિદ્વાન્ એમ. ગેરીનોટનો સને ૧૯૦૬માં પ્રસિદ્ધ કરેલો "જૈન ગ્રંથ કોષ નીબંધ" નામનો મહાન ગ્રંથ જોવાની હું ભલામણ કરૂં છું. તે ગ્રંથની પુરવણી સને ૧૯૦૯ ના જુલાઈ ને અગસ્ટ માસના "જનરલ એશીઆટીક" નામના ચોપાનીઆમાં "જૈન ગ્રંથ કોષની નોટ્સ" નામથી પ્રસિદ્ધ થયેલી છે. તે ગ્રંથોમાં ઇસ્વી સન ૧૯૦૯ સુધીમાં જૈનીઝમ્ સંબંધી જે જે લખાણો, લેખો તથા પુસ્તકો પ્રસિદ્ધ થયેલા છે તે બતાવેલું છે. જેઓને ફ્રેન્ચ ભાષા ન આવડતી હોય તેઓને પણ એ ગ્રંથમાં એમ. ગેરીનોટે આપેલા લીસ્ટ ઘણા ઉપયોગી થઈ પડશે.

## ખોદાણ કામ.

"જુની વસ્તુ શોધવા માટે ખોદાણ કામ કરવું એ ઘણી ગુંચવણવાળો વિષય છે અને તે કામ પુરાણી વસ્તુ શોધ ખોળના સરકારી ખાતાની સલાહ સિવાય એટલે આરકીઓલોજીના ડાયરેક્ટરજનરલ અથવા પ્રાંતિક સુપરીન્ટેન્ડન્ટની સલાહ અને સૂચના વિરૂદ્ધ કરવું જોઇએ નહીં. ખોટા પ્લાનથી અને બેદરકારીપણે કરેલા ખોદકામને લીધે ઘણું નુકશાન થયું છે. કાંઇપણ નોંધ રાખ્યા વિના કરેલા ( અયોગ્ય ) ખોદકામથી મથુરાના કિંમતી જૈનસ્તુપનો કેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ થયો તે મેં ઉપર જણાવ્યું છે. ખોદકામ જેમ જેમ થતું જાય તેમ તેમ દરેક રોજે રોજ શું શું બનતું ચાલ્યું તેની બારીકે બારીક વિગત નોંધી લેતા જવું જોઈએ અને તમામ શિલાલેખોની નકલો લેતા જવું જોઈએ. ખોદકામ ઉપર હોંશીઆર પુરાણ વસ્તુ શાસ્ત્રજ્ઞની પૂરતી દેખરેખ હોવી જોઈએ.

## શું કરવું જોઈએ ?

" છેવટે હું સૂચના કરૂં છું કે જૈનોએ ઉપર કહ્યા મુજબની લાઇને શોધખોળ કરવાની પ્લાન નક્કી કરવા તથા તે કામ માટે એક ઘણી ભારે રકમ એકઠી કરવા પુરાણ વસ્તુશોધક એક કમીટી નીમવી જોઈએ. આ વિદ્યામાં યોગ્યરીતે કેળવાયેલ એક પગારદાર જૈન એસીસ્ટંટ જૈનો તરફથી સરકારી પુરાણ વસ્તુ શોધખોળ ખાતામાં નીમ્યાથી ઘણું કામ થશે, અને જો આવા વધારે આસીસ્ટંટો પ્રાંતિક સુપરીન્ટેન્ડન્ટોના હાથનીચે જૈનકોમ નીમે તો તેથી ઘણુંજ સારૂં પરિણામ આવશે.

" જો જૈનોને યોગ્ય લાગે તો તેઓએ આ મારૂં લખાણ સરકારના પુરાણ વસ્તુ શોધખોળ ખાતાના ડાયરેકટર જનરલને તેમની જાણ માટે મોકલવું."

અત્રે મી. વીન્સેન્ટનો લેખ પૂરો થાય છે. પુરાણ વસ્તુશાસ્ત્ર શું છે તેનું ટુંક સ્વરૂપ નીચે મુજબ છે.

પુરાણ વસ્તુશાસ્ત્રઃ-અંગ્રેજીમાં તેને આર્કિઓલોજી ( archeology ) કહે છે. કોઈપણ રાજ્ય, ધર્મ કે કોમનો વિશ્વાસપાત્ર ઈતિહાસ લેખરૂપે અમુક નિયમિત કાળ સુધીજ મળી શકે છે. તે કાળ પહેલાંની માહિતી મેળવવાનાં સાધનો તે લોકની અવશિષ્ટ રહેલી વસ્તુઓજ છે. જૂના વસ્તીસ્થાનોની ભૂમિને ખોદતાં અથવા બીજી રીતે સીક્કા, શસ્ત્રો, શિલાલેખો, તામ્રપત્રો, મંદિરો, મહેલ વિગેરેના અવશેષો ઇત્યાદિ અનેક વસ્તુઓ મળી શકે છે. તે વસ્તુઓનું વર્ગીકરણ કરીને તે વસ્તુના ભોકતા મનુષ્યો વિષે અનુમાનથી અમુક માહિતી એકત્ર કરી શકાય છે. એવા પ્રકારે વસ્તુનો વિચાર કરનાર જે શાસ્ત્ર તે પુરાણ વસ્તુશાસ્ત્ર છે.

આ લેખ વાંચી મનન કરી જૈનોએ જ્યાં જ્યાં નવા તીર્થો નીકળે ત્યાં ત્યાં ઉતાવળ ન કરતાં ઉપયોગી થાય તેવી રીતે કામ કરવું જોઈએ. **શેરીસરા** તીર્થની જગ્યા ખોદાવતાં આવી સાવચેતી રાખવાની ખાસ જરૂર છે. જો કે જૈનો ઘોર નિદ્રામાંથી તમામ નાશ થયા પછીજ ઉઠશે એમ અમારૂં દેશકાળ જોતાં માનવું છે, છતાં પ્રયત્નથી પાછા ન હઠવું એ સિદ્ધાન્તને અનુસરી આ લેખ પ્રગટ કર્યો છે.

**જૈનોની દાઝ જાણનાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખમત ખામણાના પત્રો.

## ( તત્ સંબંધે વિચાર. )

જૈનવર્ગમાં પર્યુષણ પર્વને છેલ્લે દિવસે અંદર અંદર સર્વની સાથે સાંવત્સરી પ્રતિક્રમણમાં તેમજ ત્યાર પછી ખમવા ખમાવવાનો રીવાજ ઘણો વિસ્તાર પામેલો છે. આ રિવાજ કષાયનો નાશ કરવા માટે અતિ ઉત્તમ છે, છતાં તે માત્ર રૂઢીરૂપ થઇ જવાથી તથાપ્રકારનો લાભ થતો જણાતો નથી; તેમજ જેની સાથે ગત વર્ષમાં વિરોધ થયો હોય તેની સાથે તે પ્રકાર યાદ કરીને અથવા યાદ કર્યા સિવાય અવશ્ય ખમત ખામણા કરવા જોઈએ એવું કવચિત્જ બને છે. પ્રાયે તો જ્યાં પરસ્પર પ્રેમભાવ હોય છે ત્યાંજ ખમાવવામાં આવે છે. અત્યારે પ્રસ્તુત વિષય તે ન હોવાથી તે સંબંધમાં લંબાણથી ન લખતાં એ પ્રસંગે બાહારગામ પોતાના સંબંધી ને સ્નેહી વર્ગમાં પુષ્કળ પત્રો લખવામાં આવે છે તે સંબંધેજ લખવામાં આવે છે.

આ કાર્ય પરત્વે છપાયેલ કંકોત્રી ને કાર્ડોના ખર્ચ કરતાં પુષ્કળ ખર્ચ પોસ્ટેજનું થાય છે કે જેનો એકંદર સરવાળો કરતાં લાખ અગર એથી વધારેની સંખ્યાએ પહોંચી જવાય છે. આ સંબંધમાં ગૃહસ્થ ગૃહસ્થ ઉપર લખે, ગૃહસ્થ મુનિ ઉપર લખે અને મુનિ ગૃહસ્થ ને મુનિ ઉપર લખે એ ત્રણ પ્રકારો પૈકી પ્રથમના બે પ્રકારમાં તો વ્યવહાર ને વિનયની પ્રાધાન્યતા હોવાથી ખાસ પ્રતિરોધ કરવો યોગ્ય જણાતો નથી; પરંતુ મુનિરાજ પોતાનાં વડીલ ગુરૂ વિગેરે ઉપર ખમાવવા માટે પત્ર લખે તે તો ઠીક, પણ સંખ્યાબંધ પત્રો શ્રાવક શ્રાવિકા ઉપર લખે છે, તેને માટે ખાસ કાગળો છપાવે છે, પોતાનો અમૂલ્ય ટાઈમ તેમાં રોકેછે અને પુષ્કળ પોસ્ટ ખર્ચ કરાવે છે તે જો બંધ થાય તો મુનિરાજનો ઘણો વખત બચે કે જેનો જ્ઞાનધ્યાનમાં ઉપયોગ થઈ શકે, અને હજારો રૂપીઆનો પોસ્ટ ખર્ચ બચે કે જેનો શ્રાવકો પાસે અન્ય શુભ કાર્યમાં ઉપયોગ કરાવી શકાય. આ બાબત દરેક મુનિરાજ ને સાધ્વીજીને લક્ષ્યમાં લેવા માટે આ ટુંકો લેખ લખ્યો છે. ફરીને આવતાં પર્યુષણ પર્વ અગાઉ પણ આ બાબત યાદ આપવામાં આવશે; પરંતુ હાલ તુરતમાં આ સંબંધમાં વિચાર કરી યોગ્ય નિર્ણય ઉપર આવાય તો ઠીક એમ ધારીને તાત્કાળિક ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સુજ્ઞેષુ કિં બહુના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

## १. તરતમાં બહાર પાડવાના ગ્રંથો.

૧ શ્રી અધ્યાત્મસાર. પં. ગંભીરવિજયજી કૃત ટીકા યુક્ત.
૨ શ્રી અધ્યાત્મસાર મૂળ, મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત.
૩ શ્રી સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધ શતક. સટીક.
૪ શ્રી શ્રીપાળ રાજાનો રાસ. મૂળ સારાંશ તથા રહસ્યયુક્ત.

## ૨. છપાય છે.

૫ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી કૃત ટીકા યુક્ત.
૬ શ્રી ઉપદેશ સપ્તતિકા. સ્વોપજ્ઞ ટીકા યુક્ત.
૭ શ્રી કર્મગ્રંથ ઉપરની નોટ, સમજુતિ, બાસઠીઆ, યંત્રો વિગેરે.
૮ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯

## ૩. તરતમાં છપાવા શરૂ થશે.

૯ શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત. પદ્યબંધ.
૧૦ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૨ જો. ( સ્થંભ ૭ થી ૧૨ )

## ૪. નીચેના ગ્રંથો તૈયાર થાય છે.

૧૧ ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩-૪ સ્થંભ ૧૩ થી ૨૪.
૧૨ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર.
૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( ગુજરાતી ભાષામાં )
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૫ શ્રી હીર સૌભાગ્ય કાવ્ય ભાષાંતર.
૧૬ શ્રી આરંભસિદ્ધિ વિગેરે જૈન જ્યોતિષ ગ્રંથો. ભાષાંતર યુક્ત.
૧૭ શ્રી યુગાદિ દેશના ભાષાંતર.

બીજા બે ત્રણ નાના ચરિત્રોના ભાષાંતર જુદા જુદા ગૃહસ્થો તરફથી તૈયાર કરાવવામાં આવે છે. તેના નામો હવે પછી બહાર પડશે.

---

## ખાસ ખરીદ કરવા લાયક નવા પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | આનંદઘન પદ્યરત્નાવળી. ( ૫૦ પદનું વિવેચન ) | ૨-૦-૦ |
| ૨ | જૈન દૃષ્ટિએ યોગ. | ૦-૮-૦ |
| ૩ | પઉમ ચરિયમ્ ( પદ્મ-રામચંદ્ર ચરિત્ર ) માગધી. | ૨-૮-૦ |
| ૪ | ઉપદેશ માળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. | ૦-૮-૦ |
| ૫ | જંબુદ્વીપ સંગ્રહણી સટીક. | ૦-૪-૦ |
| ૬ | જ્ઞાનપંચમી. ( અતિ ઉપયોગી બુક ) | ૦-૮-૦ |
| ૭ | ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. સ્થંભ. ૬ | ૧-૮-૦ |
| ૮ | ચૈત્યવંદન ચોવીશી. સુધારેલી આવૃત્તિ. | ૦-૩-૦ |
| ૯ | શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત. ગદ્યબંધ. | ૧-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિ વર્ગને આમંત્રણ,

પાટણની અંદર ગયા વૈશાખ માસથી સૂત્રોની વાંચના આપવા લેવાનું કાર્ય શરૂ થયેલું છે. તેનો લાભ ૩૦ મુનિરાજ અને ૧૦ સાધ્વીજી લેછે. વાંચનાનું કાર્ય કાર્તિક શુદિ. ૧૫ સુધી અસ્ખલિત ચાલશે પછી એક માસ બંધ રાખવામાં આવશે. અને નવા ક્ષેત્રમાં એક માસ પછી પાછું શરૂ થશે. દરમિયાન હવે પછી ચતુર્માસ ઉતર્યે પોતાના શહેરમાં સર્વ મુનિ પરિવારને વાંચનાર્થે પધારવાની અનેક શહેરના આગેવાનોની પ્રાર્થના છે; પરંતુ તેમાંનું કયું શહેર પસંદ કરવું તેનો આધાર સાધુસાધ્વીની સંખ્યા ઉપર વધારે આધાર રાખે છે. તેથી સર્વે સાધુ-સાધ્વીને વિનંતિ કરવાની કે જેમની ઇચ્છા હવે પછીની વાંચનામાં લાભ લેવા માટે પધારવાની હોય તેમણે 'શ્રી આગમોદય સમિતિ ઓફીસ. પાટણ' ને શીર-નામે પોતાની ઇચ્છા પત્રદ્વારા જણાવવાની કૃપા કરવી. જેથી અત્રત્ય મુનિમંડળ સાથે તે સંખ્યા એકંદર કરીને અત્રત્ય મુનિમંડળના એક વિચારથી હવે પછીની વાંચનાનું સ્થળ મુકરર કરવામાં આવશે અને આ પત્રદ્વારાજ પ્રસિદ્ધ કરવામાં આવશે. સ્થળનો નિર્ણય આશ્વિન શુદિ ૧૫ લગભગ કરવાનો હોવાથી ત્યાર અગાઉ પત્ર લખવા તસ્દી લેવી.

આજ્ઞાંકિત સેવકો.

વેણીચંદ સૂરચંદ. કુંવરજી આણંદજી.
ભોગીલાલ હલાભાઇ. ચુનીલાલ છગનચંદ.

આગમોદય સમિતિના સેક્રેટરીઓ.

## ભાઈ પાનાચંદ ત્રીકમનું ખેદકારક મૃત્યુ.

ભાવનગરના રહીશ ભાઇ પાનાચંદ ત્રીશ વર્ષની લઘુ વયમાં ક્ષય રોગના ભોગ થઇ પડયા છે અને ભાદરવા શુદિ ૮ ગુરૂવારની બપોરે પંચત્વ પામ્યા છે. એમનું ધર્મનિષ્ટપણું સુંદર હતું ને પરમાત્માની ભક્તિમાં અનુરક્ત હતા. તેઓ પો-તાની પાછળ એક પુત્ર, બે પુત્રી ને વિધવાને શોકગ્રસ્ત મૂકી ગયા છે. આ[illegible] સભાના મેમ્બર હતા. અમે તેમના સંબંધીઓને દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## ભાઇ મણીલાલ સુળચંદનું ખેદકારક મૃત્યુ.

આ અમદાવાદ નિવાસી બંધુ કે જેઓ શારિરીક બળને અંગે જૈન્તુ સેન્ડો તરીકે પ્રખ્યાત થયેલા હતા, ધર્મચુસ્ત હતા, તપશ્ચર્યા પણ વિશેષ કરતા હતા, સારા ચિત્રકાર તરીકે પંકાયેલા હતા. માયાળુ, હોંશીલા અને હસમુખા હોવા સાથે સભા તરફ પ્રીતિવાળા હતા, આ સભાના મેમ્બર હતા. તેઓ લગભગ ૪૦ વર્ષની વયે લઘુ વયની વિધવા, એક પુત્ર, સ્નેહપરાયણ માતા, અને બે બંધુઓ વિગેરે કુટુંબને શોક નિમગ્ન કરીને પીતપાકના વ્યાધિથી ભાદરવા વદિ ૭ ગુરૂવારે પંચત્વ પામ્યા છે. તેમના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ. જૈન કોમમાં એવા એક પુરૂષની અમુક અંશે ખામી પડી છે.

For Private And Personal Use Only